# આધ્યાત્મિક કેડી

તંત્રી : સંપાદક : કૈલાસબહેન એન. પરીખ



॥ કમલાસન પર બિરાજેલાં ગાયત્રી માતા ॥

ૐ ભૂર્ભુવઃ સ્વઃ ૐ તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ૐ ॥

વર્ષ ૧૦ ] ઑક્ટોબર ૧૯૯૧ [ અંક ૪થો

Scanned by CamScanner

# મારા જીવનનાં નવ સૂત્રો

૧. ઇષ્ટમાં સમ્પૂર્ણ શ્રદ્ધા અને શરણાગતિ રાખવી.

૨. નિ:સહાયને સહાય કરવી.

૩. દુ:ખીઓનાં દિલનાં આંસુ લૂછવાં.

૪. કોઈની ઇર્ષ્યા કરવી નહિ.

૫. કોઈની સાથે વિશ્વાસઘાત કરવો નહિ.

૬. પરનિન્દાથી દૂર રહેવું.

૭. પુરુષાર્થને અગ્રતા આપી સતત કાર્યશીલ રહેવું.

૮. નિ:સ્વાર્થ સેવા કરવી.

૯. અહમ્‌નો ત્યાગ કરવો.

એન. બી. દવે (શાસ્ત્રીજી)

૭૭, 'શ્રદ્ધા', યોગેશ્વરનગર સોસાયટી, ભઠ્ઠા પાસે,
અંજલિ સિનેમા પાછળ, વાસણા, અમદાવાદ – ૩૮૦ ૦૦૭

Scanned by CamScanner



# નૂતન વર્ષનો સંદેશ

'દિવ્ય અને આધ્યાત્મિક પ્રેમથી મા ભગવતીને સભર કરી શકાય તેવું પવિત્ર અને સાત્વિક જીવન જીવવાનો સંકલ્પ કરીએ.'

આશીર્વાદ.

એન. બી. દવે
( શાસ્ત્રીજી )

Scanned by CamScanner



# આધ્યાત્મિક કેડી


[ શ્રી ગાયત્રી ફાઉન્ડેશન ટ્રસ્ટ, અમદાવાદ–૩૮૦૦૧૫ ]

વર્ષ ૧૦ ] ★ ઓક્ટોબર : ૧૯૯૧ ★ [ અંક ૪ થો


## અનુક્રમણિકા


| | | | |
|---|---|---|---|
| | નૂતન વર્ષનો સંદેશ | શાસ્ત્રીજી | ૧ |
| ૧. | દાન અને દમ | શાસ્ત્રીજી | ૫ |
| ૨. | "હું નવ વાગ્યે આવું છું" | ... | ૯ |
| ૩. | માતાજીની કલાકૃતિ | ... | ૧૧ |
| ૪. | બાણશૈયા | ... | ૧૩ |
| ૫. | પૂ. ગુરુદેવના સાન્નિધ્યની પળોમાં... | ... | ૧૫ |
| ૬. | જીવનરૂપી ખેલમાં સફળતા મેળવવી છે ? | ડૉ. કાન્તિલાલ કાલાણી | ૧૭ |
| ૭. | હૃદયના વાલ્વની બિમારીમાંથી મુક્તિ ! | ... | ૨૦ |
| ૮. | ગોપ કેવી રીતે સારો થયો ? | ... | ૨૨ |
| ૯. | અન્તર ડંખે છે | ... | ૨૫ |
| ૧૦. | એ શક્તિ કઈ ? | ... | ૨૮ |
| ૧૦. | સમાચાર | ... | ૩૧ |


★ આ ત્રૈમાસિક અંક જાન્યુઆરી, એપ્રિલ, જુલાઈ અને ઓક્ટોબર માસમાં પ્રગટ થશે.

★ આપનું ૧૯૯૧ ના વર્ષનું લવાજમ મોકલી આપવા વિનંતી.

★ પાંચ વર્ષનું એકસામટું લવાજમ સ્વીકારવામાં આવે છે.

★ વાર્ષિક લવાજમ રૂપિયા દસ ★


પ્રકાશક : શ્રી કૈલાસબહેન એન. પરીખ, શ્રી ગાયત્રી ફાઉન્ડેશન ટ્રસ્ટ, 'નિલોષા' બંગલો, ત્રિમૂર્તિ સોસાયટી, ગવર્નમેન્ટ પાંચ બંગલા પાસે, ગુલબાઈ ટેકરા, અમદાવાદ – ૩૮૦૦૧૫

મુદ્રક : કાન્તિભાઈ મ. મિસ્ત્રી, આદિત્ય મુદ્રણાલય, રાયખડ, અમદાવાદ – ૩૮૦ ૦૦૧ * ફોન : ૩૯ ૨૫ ૧૨



Scanned by CamScanner

# દાન અને દમ

શાસ્ત્રીજી

શ્રીમદ્ ભગવદ્‌ગીતામાં દાનને શ્રીકૃષ્ણ ભગવાને દૈવી ગુણ તરીકે ઓળખાવ્યો છે.

પણ આ દાન કયું એ અંગે થોડોક વિચાર કરવાની-અને એની સ્થૂળ–સૂક્ષ્મ અર્થઘન છાયાઓને સમજવાની જરૂર છે.

પ્રથમ દૃષ્ટિએ તો દાન એટલે કશુંક આપવું તે. આ અર્થ બરાબર છે. પરંપરાગત રીતે એ સ્વીકૃત બનેલો છે. પણ દાનની ક્રિયાને વિશાળ અર્થમાં ઘટાવવાની અને સમજવાની જરૂર છે. સમાજનાં દરેક મનુષ્ય માટે એ ભાગ્યે જ શક્ય બને છે.

મારી દૃષ્ટિએ દાન એટલે સમ્પૂર્ણ નિરપેક્ષ ભાવે તન, મન, ધન અને કર્મ દ્વારા આપવાની ક્રિયા.

શારીરિક કાર્યોથી પણ દરેકને મદદરૂપ થઈ શકાય છે.

યથાશક્તિ–મતિ મનુષ્ય ધન–પૈસાનું પણ જરૂરિયાતોને દાન કરી શકે છે. પણ ધનનું દાન કરવાની ક્ષમતા ઘણા ઓછા પાસે હોય છે. જેની પાસે અઢળક ધન છે તેઓ ધનનું દાન કરવા નિરપેક્ષ ભાવે, એને પ્રભુકાર્ય ગણીને સદા તત્પર રહે એમ હું માનું છું.

પણ આપણાં ઘણાં કર્મો દાન બની શકે છે.

દા. ત. ઘરમાં આપણે સૌ એકમેકનાં કાર્યોમાં સહકાર આપીએ અને સૌને અનુકૂળ થઈ વર્તીએ તો આપણું એ કર્મ એક દાન બની રહે છે. પુત્રી માતાને, પુત્ર પિતાને, ભાઈ–ભાઈને, નણંદ–ભાભી, દેરાણી–જેઠાણી હળીમળીને એકમેક સાથે ઘરકામ ઉઠાવી લે તો તે કર્મ એકમેકને આપેલું દાન જ છે અને તેથી કુટુંબકલેહની શક્યતા ઉદ્‌ભવતી જ નથી. વાતાવરણ સ્નેહ ને શાંતિભર્યું બને છે.

---

**સમ્પૂર્ણ નિરપેક્ષ ભાવે તન, મન, ધન અને કર્મ દ્વારા આપવાની ક્રિયા.**

× × ×

**વાણી દુશ્મન પણ સર્જી શકે છે અને મિત્ર પણ.**



Scanned by CamScanner

એ જ રીતે નોકરી-ધંધામાં પણ સહકાર્યકર્તા સાથે સદ્‌ભાવથી કર્મ કરવામાં આવે તો એ નોકરી-ધંધાનો આનન્દ ને એ આનન્દને પરિણામે અલૌકિક માનસિક શાંતિનો પણ આનન્દ થાય છે.

પાડોશીના ઘરમાં અચાનક કોઈક તકલીફ ઊભી થાય ને તમે તે વ્યક્તિ ઈચ્છે તો, ઘરકામમાં મદદ કરવા પહોંચી જાવ, પાડોશીનું કોઈ સ્વજન હોસ્પીટલમાં માંદગીના બિછાને છે, હોસ્પીટલના આંટા-ફેરા કરનાર કોઈ નથી, દર્દીને અને દર્દીની સારવારમાં રહેલ વ્યક્તિને ચા-પાણી, ખાવા-પીવાનું પહોંચાડનાર કોઈ નથી ને તમે પાડોશીની એ તકલીફનો સમો સાચવી આપો તે પણ પરોપકારનું-દાનનું કર્મ જ છે. કારણ એથી એ પાડોશીની ઘણી તકલીફો દૂર થઈ જાય છે ને તે હળવાશ અનુભવે છે.

ને એથી તમે શું અનુભવી શકશો કહો જોઈએ...

મનુષ્ય મનની શક્તિ દ્વારા પણ દાન કરી શકે છે. એ દાનની પ્રક્રિયા આત્મવિકાસની પ્રક્રિયા બની શકે છે. આત્માનો ઉઘાડ થતાં તે ઈશ્વરની નજીક પણ લઈ જઈ શકે છે કારણ કે મનની શક્તિ દ્વારા જે મનુષ્યને તમે મદદરૂપ થાવ છો તે ખૂબ શાંતિ અનુભવે છે. તેની એ શાંતિ ઈશ્વરનો અનુરાગ પણ પ્રાપ્ત કરાવી આપે છે.

કઈ રીતે ?

એક નિ:સહાય-લાચાર મનુષ્યને ભલે તમે ધન ન આપી શકો, પણ તન, મન અને કર્મથી તો મદદરૂપ બની શકો છો ને ! જીવનની આપત્તિઓ, મૂંઝવણોથી ઘેરાયેલા મનુષ્યને પ્રેમના, સહાનુભૂતિના, સાંત્વનના બે શબ્દો પણ તેના મન અને સમગ્ર જીવન પર બહુ મોટી અસર કરે છે.

કોઈકના સુખમાં સહભાગી બની તેની પ્રગતિમાં પ્રોત્સાહન આપવું પણ જરૂરી છે. એથી તેનામાં ઉત્સાહ ને ઉમંગ વધે છે ને તેની પ્રગતિનાં દ્વાર મોકળાં બને છે.

જે કોઈ તમારા સંસર્ગમાં આવે કે તમે જે કોઈના સંસર્ગમાં આવો તે સૌ સાથે પ્રેમ સદ્‌ભાવ-પૂર્ણ આવકાર, તેની સાથેનો વ્યવહાર પણ મનુષ્ય માટે ઉપકારક નીવડી શકે છે. એથી આગન્તુકનો હેતુ પણ સરળતાથી સિદ્ધ થઈ શકે છે. અથવા આગન્તુકનો હેતુ ન હોય તો પણ પરસ્પરનો સમ્પર્ક વધુ ગાઢ ને સરળ બને છે.

કોઈકને તમારા સદ્‌ભાવભર્યા સ્મિતનું દાન આપો, કોઈને તમારા પ્રેમનું, કોઈને હેયાનું, તો કોઈને વાણીનું, તો કોઈને તમારી હૂંફમાં સમાવી રાખો એ માનવ અસ્તિત્વના દાનની વિશાળ ક્ષિતિજો છે, એમ હું માનું છું.

જીવનમાં મુંઝાઈને, અકળાઈને કોઈ તમારી પાસે આવે તો તેને પ્રેમ અને આત્મીયતાથી આવકારો અને ઉકેલ દર્શાવો. અરે, અમસ્તુંય તમને કોઈ મળવા આવે તો પ્રેમ, સ્મિત અને ઉમળકાથી તેને આવકારો અને વ્યવહાર કરો.

મન દ્વારા થતા દાનનાં આ વિવિધ પરિમાણો છે.

મન દ્વારા આ વિવિધ પરિમાણલક્ષી દાન તો કોઈ પણ મનુષ્ય કરી શકે છે.

તન, મન, ધન કે કર્મ દ્વારા કરતા દાનમાં મન અને ભાવનાનું મહત્ત્વ છે.

દાનમાં-આપવામાં સંતોષ અને આનન્દનો અનુભવ થાય છે. એથી મનુષ્યની ચેતના વિસ્તાર પામે છે.



Scanned by CamScanner

સમય પણ દાનનું બહુ મોટું પરિણામ ને પરિમાણ બની શકે છે. એટલું જ નહિ, એનાથી તો સેવાની ક્ષિતિજો પણ વિસ્તરી શકે છે. તમારા સમ્પર્કમાં આવતા લોકોને તેની જરૂરિયાત પ્રમાણે તેની મુસીબતના સમયમાં તમારા રોજિંદા કાર્યમાંથી થોડોક સમય તેને મળવાનું કે તેવા કોઈ કાર્યમાં યથાશક્તિ–મતિ મદદરૂપ થવાનું રાખો તો તે બહુ મોટી વાત બની જાય છે.

સમયનો ભોગ આપવો એ કિંમતી ચીજનું દાન કર્યા બરાબર છે.

દા. ત. તમારો કોઈ મિત્ર કે સ્નેહી કોઈક આઘાતજનક પરિસ્થિતિમાં મુકાયો છે તો તમે યથા-સમયે તેની પાસે જઈ બેસો, આશ્વાસન આપો, તેનું મન બહેલાય તેવી સત્સંગની વાત કહો તો તેના મનને ઘણી શાંતિ, હૂંફ ને ધીરજ મળશે. તેનામાં આઘાતને જીરવવાની ક્ષમતા પ્રાપ્ત થતી જશે ને તે ધીરે ધીરે સ્વસ્થ થતો જશે.

આ એક સત્કાર્ય છે, સેવા છે, જે સમયનો થોડોક ભોગ આપવાથી જ સરળતાથી પામી શકાય છે.

*   *   *

શ્રીકૃષ્ણના મતે 'દમ' એક સાત્ત્વિક ગુણ છે.

દમ એટલે ઇન્દ્રિયનિગ્રહ, વૃત્તિઓનું દમન.

વ્યક્તિએ દુર્વૃત્તિઓ અને ઇન્દ્રિયોના યથેચ્છ વિહારનું નિયંત્રણ કરવું, એના પર કાબૂ મેળવવો અને એને વશમાં રાખવાં જરૂરી છે. એ વ્યક્તિ સ્વયં જ પોતાના જ પ્રયત્નોથી કેળવી શકે છે.

મનુષ્ય પોતાની દૃષ્ટિને નિર્વિકારી, પવિત્ર, નિર્મળ અને દૂરદર્શી બનાવી શકે છે. અસત્, કુત્સિત અને અપવિત્ર ચીજો જોવાથી દૂર રહે, દૃષ્ટિ સત્ ને પવિત્રનાં દર્શન કરે ને ઇષ્ટના ધ્યાનમાં લીન બની રહે તે જ ઉચિત છે.

કાનમાં ઈશ્વરના સ્મરણનો લય ગૂંજ્યા કરે તે જરૂરી સમજું છું.

મનુષ્યના જીવનમાં વાણી પર નિયંત્રણ મેળવવું, મિતભાષી, મૃદુભાષી અને મિષ્ટભાષી બનવું ઘણું જરૂરી છે. એને માટે પણ સ્વયં જ પ્રયત્ન કરવો પડે છે. પોતાને અનુકૂળ પડે તેવું સાત્ત્વિક વાતાવરણ અને વર્તુળ ઉપસ્થિત કરીને એ જમાતીને એમાં ઓતપ્રોત થવું જરૂરી બને છે. વાણીનો યથેચ્છ વિહાર ઘણાં અનિષ્ટો સર્જે છે. જ્યારે સંયમિત વાણી ઘણાં અનિષ્ટોને, સંઘર્ષોને અટકાવે છે.

કટુ વાણી ઉચ્ચારવી જ શાને? સત્ય હકીકત દર્શાવવાનો–કહેવાનો પણ કોઈક તરીકો તો હોય ને! પ્રેમથી બે સારા શબ્દો ઉચ્ચારવાથી આસપાસના વાતાવરણમાં એનો ઘણો સારો પ્રભાવ પડે છે. આપણા શબ્દો ધારી અસર કરી શકે છે. એટલું જ નહિ, ચાહકો ને પ્રશંસકો પણ મળી શકે છે.

વાણી દુશ્મન પણ સર્જી શકે છે ને મિત્ર પણ. વાણીનો કેવો વ્યવહાર છે એના પર બધો આધાર રહે છે.

જીભ સ્વાદોના રસ કરતાં હરિરસમાં રમમાણ રહે એ જરૂરી છે.

શરીરની ઇન્દ્રિયો સ્થૂળ-બાહ્ય અશાશ્વત સુખમાં વિહાર કરે તેના કરતાં આત્માના ચિરંજીવ રસમાં રમમાણ રહે એ જરૂરી છે. એ માટે ઇષ્ટની શરણાગતિ, સ્મરણ અને સત્સંગમાં ચિત્ત પરોવાયેલું રહે તે આવશ્યક છે.



Scanned by CamScanner

આમ ઇન્દ્રિયોનો નિગ્રહ અને દુર્વૃત્તિઓનું દમન મનુષ્યનું શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય તંદુરસ્ત બનાવે છે. જીવનમાં ચોક્કસ પ્રકારના સાત્ત્વિક નીતિનિયમોનું વ્યક્તિ પાલન કરે તો ઇન્દ્રિયો અને વૃત્તિઓનું દમન તેમને માટે સરળ બની શકે છે. તે ઇશ્વરના સ્મરણમાં શરણાગતિમાં–વિશેષ તદ્રુપતા કેળવી શકે છે અને જીવનમાં ઉપસ્થિત થતા રહેલા સંજોગોમાં તે સ્વસ્થતાથી વર્તી શકે છે, વિષમતાનો ઉકેલ મેળવી શકે છે, ઇશ્વરના સંકેતોને ઝીલી અને ઉકેલી શકે છે.

એટલે જ તો અર્જુન માટે યુદ્ધની જે પરિસ્થિતિ ઉપસ્થિત થઈ છે, તેમાં તેના અસ્તિત્વમાંથી જન્મતો મોહ દૂર કરવા શ્રીકૃષ્ણ ભગવાન તેને દાન અને દમ – દમનની ફિલોસોફી સમજાવીને યુદ્ધ માટે તત્પર બનાવે છે.

□

---


મા ગાયત્રીની કૃપા અને પૂ. શાસ્ત્રીજીના આશિષ અમ સૌ પર અવિરતપણે વરસતા રહો એવી અભ્યર્થના સહિત

**NARENDRA PROCESSING INDUSTRIES**

Tele. : Factory : 41177 * Resi. : C/o 42689

33–1, Plot No. 1, Behind Sub–Jail, Khatodra,
SURAT – 395 002


---



Scanned by CamScanner

# "હું નવ વાગ્યે આવું છું"

તા. ૫-૯-'૯૨ના રોજ સાંજે સાડા સાત વાગ્યે હું કુટિરમાં હિંચકા પર બેઠો હતો ત્યારે મારા કાનમાં માતાજીનો ઝીણો અવાજ સંભળાયો :

"હું નવ વાગ્યે આવું છું."

મેં કૈલાસબહેનને આ વાત કરી અને માતાજીના આગમનની તૈયારી કરવા જણાવ્યું. કૈલાસબહેને મારા ઓરડામાં માતાજીના સ્વાગતની તૈયારી કરી દીધી.

પોણા નવથી હું માતાજીની પ્રતીક્ષા કરતો મારા ઓરડામાં પલંગ પર બેઠો હતો. બરાબર નવ વાગ્યે પ્રકાશનો એક ઝબકારો થયો અને ૨૫-૩૦ વર્ષની યુવતી સ્વરૂપે માતાજી પલંગ પાસે પાથરેલી સાદડી પર પ્રગટ થયાં.

માતાજીએ સોનેરી રંગની ડીઝાઈનવાળી રેશમી સાડી બંગાળી ઢબે પરિધાન કરી હતી. તેમનું મુખારવિન્દ અતિ દેદીપ્યમાન – ફોટામાં મધ્યમાં દેખાય છે તેવું – હતું. ચરણોમાં નૂપુર હતાં, આછાં આભૂષણો હતાં અને અંબોડો વાળેલો હતો.

આનન્દવિભોર બનીને હું ઊઠીને તેઓનાં ચરણોમાં ઝૂકી ગયો. મેં તેમનાં ચરણો પકડી લીધાં. તેમનાં ચરણો અતિ નાજુક અને મુલાયમ હતાં. થોડી ક્ષણો પછી હું પલંગમાં બેઠો હતો તે જગ્યાએ પલંગમાં તેઓશ્રી બિરાજમાન થયાં. હું તેઓશ્રીના ઘૂંટણ પર મસ્તક ટેકવીને સાદડી પર બેસી ગયો. માતાજીએ મારા મસ્તક અને વાંસા પર વાત્સલ્યસભર મૃદુ હસ્ત પસવાર્યા કર્યો. વાત્સલ્યનો મીઠો લહાવો માણતો, નાના બાળકની જેમ, હું તેઓશ્રીનાં ચરણો પકડી ઘૂંટણ પર મસ્તક ઢાળીને થોડી વાર બેસી રહ્યો.

થોડી વાર પછી ઊભા થઈને મેં ટેબલ પર તેમના સ્વાગત માટે તૈયાર કરેલી વસ્તુઓમાંથી લઈને અનુક્રમે —

(૧) મેં માતાજીને ગોળ ખવડાવ્યો. તેઓશ્રીએ મને તેમના સ્વહસ્તે ગોળ ખવડાવ્યો.

(૨) બદામનો ભૂકો ચમચીમાં લઈને તેઓશ્રીના હાથમાં આપ્યો, જે તેઓએ આરોગ્યો. તેઓશ્રીએ એ જ ચમચીથી બદામનો ભૂકો મારા હાથમાં આપ્યો જે મેં પણ ખાધો.

(૩) સૂકા મેવાની ડીશમાંથી એક એક કાજુ, બદામ, દ્રાક્ષ અને પીસ્તા લઈને મારા હાથમાં આપ્યાં, જે મેં પણ ખાધાં.

(૪) મેં પાણીના જગમાંથી પોણો ગ્લાસ ભરીને માતાજીને પાણી પીવા આપ્યું. માતાજીએ થોડું પાણી પીધું અને ગ્લાસમાં થોડું રહેવા દીધું, જે મેં લઈને ગ્લાસ મૂકી દીધો. માતાજીએ કહ્યું :

"કેમ, ગ્લાસ મૂકી દીધો? તું પાણી પી જા." મેં પાણી પીધું.

(૫) ટ્રેમાં રાખેલું શ્રીફળ લઈને મેં માતાજીના કરકમળમાં મૂક્યું. તેઓશ્રીએ મને પૂછ્યું :

"કંકુ ક્યાં છે?" કંકુ મૂક્યું નહોતું એટલે હું મૌન રહ્યો.

---

"મારે તને દુનિયાદારીનો અનુભવ કરાવવો હતો. નહિતર તું સંસારથી વિરક્ત થઈ જાત."



Scanned by CamScanner

માતાજીએ શ્રીફળ બાજુ પરના ટેબલ પર મૂકી દીધું અને થોડીક જ ક્ષણોમાં માતાજીના ડાબા હાથની હથેળીમાં કંકુ આવી ગયું. તે કંકુમાંથી જમણા હાથની બે આંગળી વડે મારા કપાળમાં ચાંલ્લો કર્યો અને હાથની આંગળીઓ કંકુવાળી કરી મારા બન્ને ગાલે વારાફરતી વહાલથી કંકુ લગાવ્યું અને કહ્યું :

"આ તારા સાઠમા વર્ષની ખુશાલીમાં."

માતાજીએ તેમના સ્વહસ્તે શ્રીફળ લઈને તેના પર કંકુ પધરાવી મારા બન્ને હાથમાં આપ્યું. જે મેં લઈને ટેબલ પર મૂક્યું.

(૬) ટેબલ પરથી પુસ્તક લઈને મેં માતાજીને આપ્યું. માતાજીએ પુસ્તક જોયું, થોડાં પાનાં ફેરવ્યાં અને મને પરત આપ્યું. મેં લઈને તેની જગાએ ટેબલ પર પાછું મૂકી દીધું. પછી માતાજીનાં ચરણોમાં હું બેસી ગયો. મારું મસ્તક મેં તેઓના ઘૂંટણ પર ઢાળી દીધું.

માતાજીએ વહાલથી મારો હાથ પકડીને મને ઊભો કરીને પલંગમાં તેમની બાજુમાં જ બેસાડી દીધો અને મને કહ્યું :

"૧૯૩૨થી અત્યાર સુધી તારી સાથે જ છું. અને બધા બનાવો તને જણાવ્યા છે. તું કહે છે કે બાવીસ વર્ષો નકામાં કાઢયાં, પરન્તુ મારે તને સંસારનો અને દુનિયાદારીનો અનુભવ કરાવવો હતો. નહિતર તું સંસારથી વિરક્ત થઈ જાત. તું તારા મા-બાપનો એકનો એક દીકરો તેથી જ મારે તને સંસારમાં રહીને આ કાર્ય કરાવવું હતું."

ત્યારબાદ મારા કાર્યયજ્ઞ વિશે થોડી વાતો કરી, મને માર્ગદર્શન આપ્યું.

પછી માતાજી પલંગમાંથી ઊઠીને ટેબલ પર બધી તૈયારી કરી હતી ત્યાં ગયાં. લેટર પેડ અને પુસ્તક પર કંકુ પધરાવ્યું. હું પલંગ પર બેઠો જ રહ્યો. થોડીક ક્ષણોમાં જ ટેબલ પાસે તેજનો એક લિસોટો થયો અને માતાજી અદશ્ય થઈ ગયાં.

તે વખતે ઘડિયાળમાં બરાબર ક. ૯-૧૫ મિ. થયાં હતાં.

સમગ્ર વાતાવરણ ગુલાબની સુવાસથી મહેકતું હતું. શ્રીફળ, લેટર પેડ અને પુસ્તક પર જ્યાં માતાજીએ કંકુ પધરાવ્યું હતું તેમાં ૐ નું ચિહ્‌ન સ્પષ્ટ વર્તાતું હતું. લેટર પેડ પર '૬૦' નું ચિહ્‌ન પણ વર્તાતું હતું.

□

શ્રી ગાયત્રી માતાજીની કૃપા અને પૂ. ગુરુદેવના આશીર્વાદની અભ્યર્થના

# ગાયત્રી પેપર બોર્ડ ઇન્ડસ્ટ્રીઝ

## ( દરેક સાઈઝના ગ્રે બોર્ડ બનાવનાર )

**Tel. No. 3668**

મુ. કુંડી, સ્ટેશન ડુંગરી, પો. વલસાડ.



Scanned by CamScanner

# માતાજીની કલાકૃતિ

"રાજા નાનપણથી જ ભણવામાં હોશિયાર. તેણે કદી અમારી આજ્ઞાનું ઉલ્લંઘન કર્યું નથી. મારી સાથે કે તેના પિતા સાથે કદી તેણે લડાઈ, ઝઘડો કર્યો નથી. મદદ કરવાની તેની ભાવના. તેના પિતા કહેતા હતા કે 'તે આગળ જતાં ઘણો મહાન થશે.'

"મારા આપ સૌને આશીર્વાદ છે. તમને માતાજીના આશીર્વાદ. તમારી ભક્તિ અને શક્તિ વધે."

અમદાવાદના સુપ્રસિદ્ધ ગાયત્રી-ઉપાસક પૂ. શ્રી શાસ્ત્રીજીની ષષ્ઠિપૂર્તિ નિમિત્તે પ્રગટ થયેલા **'વેદજનનીની સ્મૃતિથી સાક્ષાત્કાર'** ગ્રન્થનું વિમોચન કરતા તેમ જ આશીર્વચન ઉચ્ચારતા ઉપરોક્ત શબ્દો પૂ. શ્રીનાં માતા પૂ. પરસનબાએ ઉચ્ચાર્યાં હતા.

પૂ. બાએ તેમના વક્તવ્યમાં પૂ. શ્રીના જન્મ સમયની પોતાની દિવ્ય અનુભૂતિઓ વર્ણવી હતી. 'વક્રતુંડ મહાકાય......' અને 'વિઘ્નેશ્વરાય...'ના શ્લોકોચ્ચારથી તેમણે ગ્રન્થનું વિમોચન કર્યું હતું. પ્રાસંગિક વક્તવ્યો રજૂ થયાં હતાં.

પૂ. શાસ્ત્રીજીએ પોતાના આશીર્વચનમાં પોતાની માતૃભક્તિને દિવાની ગણાવતાં જણાવ્યું હતું કે,

**"લોગ કહતે હૈ, મૈં દિવાના હૂઁ, પર મૈં કહતા હૂં હો જાયેગા."**

"હું ખરેખર દિવાનો છું. પણ કોનો? માતાજીનો. જેને મેં મારું અસ્તિત્વ સોંપી દીધું છે તેની પાછળ દિવાનો છું. તે પણ મારી પાછળ દિવાની છે. તમે ખૂબ નસીબદાર છો. કોઈ કલાકારે વર્ષો સુધી પોતાની કલાકૃતિ સાચવી રાખી હોય અને તમને કોઈ ભેટ આપી દે તો કેવો આનન્દ થાય! માતાજીએ એ રીતે મને સજાવીને–શણગારીને તેંતાળીસ વર્ષ બાદ તમને એ ભેટ આપી દીધી છે. વર્ષો સુધી એ વાપરો તો ય ખૂટે નહિ એવી એ ભેટ છે. માટે તમે ભાગ્યશાળી છો.

આજે હું સાઠમા વર્ષમાં પ્રવેશું છું. પરંતુ મારા આધ્યાત્મિક ક્ષેત્રનાં સત્તર વર્ષ થાય છે. તેથી મારી ઉંમર નાની દેખાતી હશે એમ કહી શકાય. મારી માતાજીને એવી વિનંતી છે કે જે ભક્ત યાદ કરે તેની પાસે જાતે પહોંચી જાય, પણ મારો ભક્ત જ્યારે મને યાદ કરે ત્યારે તેને મારી હાજરી વર્તાય એવી માતાજીને મારી પ્રાર્થના છે."

ગ્રન્થ વિશે પ્રસ્તાવના કરતાં તેમણે જણાવ્યું હતું : "આ નિમિત્તે ગ્રન્થ પ્રગટ કરવા વિચાર્યું ત્યારે મારું જીવનચરિત્ર પ્રગટ કરવાનો વિચાર હતો. પણ દરમિયાનમાં માતાજીના સાન્નિધ્યની અનુભૂતિઓ પ્રાપ્ત થતાં એ અનુભૂતિઓ પ્રગટ કરવાનું નક્કી કર્યું. મારા જીવનચરિત્ર કરતાં એ બનાવો વધારે મહત્ત્વના છે. મને માતાજીએ સ્વપ્નમાં કે પૂજા સમયે જે જે અનુભવો યાદ કરાવ્યા તે પ્રસંગોનું ઈ. સ. ૧૯૫૩થી આલેખન કર્યું છે.

---

**"મારો ભક્ત જ્યારે મને યાદ કરે ત્યારે તેને મારી હાજરી વર્તાય એવી માતાજીને મારી પ્રાર્થના છે."**

× × ×

**"હું મોર છું, તમે મારાં પીંછાં છો."**



Scanned by CamScanner

તેમણે ૧૯૩૨થી ૧૯૫૨ સુધીના અનુભવો પણ આપ્યા છે, જે આમાં સમાવી શકાયા નથી.

માતાજીએ ૧૯૫૨ અને '૫૪ ની સાલમાં આ કાર્યનો નિર્દેશ પણ મને કર્યો હતો પણ તે વખતે મને તેનો ખ્યાલ આવ્યો નહોતો.

માતાજીની શક્તિથી, તેની દોરવણી હેઠળ હું આ કાર્ય કરું છું."

તેમણે વધુમાં જણાવ્યું હતું કે "હું જે છું તે માતાજીની ભેટ છે. તેની કલાકૃતિરૂપે હું આપની સમક્ષ ઊભો છું.

નાણાંના અભાવે જો કોઈ વ્યક્તિ આ પુસ્તક નહિ ખરીદી શકે તો તેને હું મફત આપીશ.

મારા માટે ઘણું કહેવાયું છે પણ એ તો ભક્તહૃદય છે એટલે કહે."

તેમણે વધુમાં જણાવ્યું હતું હતું કે "મારા આધ્યાત્મિક જીવનનાં ૨૦ વર્ષ પૂરાં થતાં તેની ઉજવણી કરીશું. માતાજીના બનાવો અંગે પુસ્તક પ્રગટ કરીશું."

પૂ. શાસ્ત્રીજીએ પોતાના ભક્તોની મહત્તા સ્વીકારતા, તેમના પ્રત્યે સદ્ભાવ–સ્નેહભાવ વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, "તમારા વિના હું કંઈ જ કરી શકું તેમ નથી. મોર તેના પીંછાથી રળિયામણો લાગે છે. હું મોર છું, તમે મારાં પીંછાં છો. માતાજીએ જ મારી સંભાળ રાખી છે. તેણે જ મને ઉછેર્યો છે."

તેમણે પોતાની એક માત્ર ઇચ્છા પ્રગટ કરતાં જણાવ્યું હતું કે, "મારી માતાજીને એટલી પ્રાર્થના છે કે મારા જે દુઃખી અંધજનો છે તેની આંખો પર હું હાથ ફેરવું ને તેઓ દેખતા થઈ જાય, દોડતા થઈ જાય. મારી બીજી કોઈ જ ખ્વાહિશ નથી. એ માટે હું માતાજીને પ્રાર્થના કરતો જ રહીશ, કરતો જ રહીશ, કરતો જ રહીશ." પરમતત્ત્વની રહેમનજર થાય તો એ શક્ય બને છે. માણસને સહારો મળે તો સમુદ્ર તરી જાય છે.

"મારો આદર–સત્કાર કર્યો તે બદલ હું અન્તઃકરણપૂર્વક આભાર માનું છું."

□


▣ જય ગુરુદેવ — જય ગાયત્રી માતા ▣



## રમેશભાઈ ડૉકટર સિલ્ક મિલ્સ

૮/૨૩૬૨, ગોપીપુરા, મોટી છીપવાડ, સૂરત — ટે. નં. ૪૨૧૫૪

❖

પૂજ્ય ગુરુદેવના આશીર્વાદ




Scanned by CamScanner

# બાણશૈયા

'શું બોલવું, શું ન બોલવું, બહુ બોલાઈ ગયું છે. પરન્તુ મારું મૌન જ બધું કહી જાય છે.' અમદાવાદમાં 'નીલેષા'ની કાર્યભૂમિ પર માતાજીના સ્થાપના દિનની ઉજવણી નિમિત્તે યોજાયેલા એક સમારંભમાં આશીર્વચન ઉચ્ચારતા પૂ. શાસ્ત્રીજીએ ઉપરોક્ત ઉપંક્તિઓ ચ્ચારી હતી.

તેમણે પોતાના વક્તવ્યમાં જણાવ્યું હતું કે ''નીલેષા'ની ભૂમિ પર કેટલાય મનુષ્યો દુઃખ લઈને આવે છે. તેમના પ્રશ્નો સુલઝાવવાનો હું માતાજીની કૃપાથી પ્રયાસ કરું છું. આજે કાર્યયજ્ઞને ૧૨ વર્ષ પૂરાં થાય છે. આ બાર વર્ષમાં ૧૨ મનુષ્યો સંપૂર્ણ પવિત્ર હશે. આ ભૂમિ પર માતાજી પોતે પ્રત્યક્ષ ફરી ગયા છે. તેમના પગની પાની પડેલી છે. 'નીલેષા'ની પવિત્ર રજ માથે ચડાવીએ તો ય પૂરતું છે.

આજે 'નીલેષા' પર આ કાર્ય તેરમા વર્ષમાં પ્રવેશ કરે છે. હું મારા કાર્યયજ્ઞને વનવાસ કહીશ. માતાજીએ મને કપરી ભૂમિકા સોંપી છે. તેમણે પ્રથમ મને સંસારમાંથી વનવાસ, મારા કાર્યક્ષેત્રમાંથી વનવાસ એમ બબ્બે વાર માતાજીએ મને વનવાસની ભેટ ધરી છે. કોઈક ક્ષેત્રે નોકરી કરતા હો ને તમને કોઈ અનાજ–કરિયાણાની દુકાને બેસાડી દે તો કેવી સ્થિતિ થાય? મેં એવી સ્થિતિનો અનુભવ કર્યો છે. છતાં હું માતાજીની શક્તિથી કાર્ય કરું છું. પણ એ ખૂબ દુષ્કર છે.

તેમણે જણાવ્યું હતું કે, ઘણી વાર હું કાર્યમાં એટલો વ્યસ્ત રહું છું કે મારા કુટુમ્બના સભ્યોને માટે પણ સમય ફાળવી શકતો નથી. આવી કસોટી પણ માતાજી કરે છે પણ મા શક્તિ આપે છે.

મારે માટે કહેવાય છે કે 'બાપુનો દરબાર છે' પણ કેટલા બાણ વાગે છે એનો અનુભવ જેણે કર્યો હોય તે જ જાણી શકે છે. માતાજીએ મને જે સૂઝ–સમજણ આપી છે તે મુજબ હું કાર્ય કરું છું. માતાજીને મારી તો એટલી જ પ્રાર્થના છે કે દીન–દુખિયાની સેવા કરી શકું તેવી શક્તિ આપે. મારી આ પંચમહાભૂતની કાયાની શક્તિ નથી કે રોજ બસો–પાંચસો માણસોને વ્યક્તિગત મુલાકાત આપું. માતાજીની શક્તિથી જ એ કાર્ય કરી રહ્યો છું.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે, ઘણી વાર લોકોના પ્રશ્નોથી હું રાત્રે જાગી જાઉં છું. હું વિચારે ચડી જાઉં છું. મારી ઘણી રાતો વેરાન બની જાય છે. મારી તો આ બાણશૈયા છે.

---

"મારી તો આ બાણશૈયા છે."

× × ×

"મારા અન્ધ બન્ધુઓને દૃષ્ટિ મળે તેવી માતાજીને મારી પ્રાર્થના છે."

× × ×

"આપ સૌ મારી પાસે દિવ્ય અને આધ્યાત્મિક પ્રેમ લઈને આવો. હું પણ તમને દિવ્ય અને આધ્યાત્મિક પ્રેમથી ભરી દઈશ."

તેમણે પોતાની ઈચ્છા પ્રગટ કરતાં જણાવ્યુ હતું કે, માતાજી આવે તો મારે કહેવું છે કે મારા અન્ધ બન્ધુઓને તે દષ્ટિ આપે. પરન્તુ એ આવે છે પણ હું બોલી શકતો નથી. તેણે બોલાવવું હોય તેટલું જ બોલાવે છે ને તેટલું જ હું બોલી શકું છું. મારી તો તે દેખભાળ રાખે જ છે. હું અંગત રીતે તો કંઈ માગતો નથી, મારે કંઈ જોઈતું નથી.

જીવનમાં ખાડા-ટેકરા આવે પણ એ પાર કરવાની માતાજી તમને શક્તિ આપે તેવી પ્રાર્થના છે.

આપ સૌ મારી પાસે દિવ્ય અને આધ્યાત્મિક પ્રેમ લઈને આવો. હું પણ તમને દિવ્ય અને આધ્યાત્મિક પ્રેમથી ભરી દઈશ."

કાર્યક્રમના આરંભે 'નીલોષા'વાસી દમ્પતી મુ. શ્રી નલિનકાન્તભાઈ અને શ્રીમતી ઉષાબહેને પૂ. શ્રીનું સ્વાગત કર્યું હતું.

ભાઈશ્રી મુંજાલ અને શ્રી સતીશભાઈએ પૂ. શ્રીનું અભિવાદન કરતી ગઝલ રજૂ કરી હતી.

કુ. પૂર્ણિમા ભગતજીએ પોતાના વક્તવ્યમાં જણાવ્યું હતું કે, પૂ. શ્રી શાસ્ત્રીજી પોતાની આધ્યાત્મિક શક્તિ-સિદ્ધિઓ દ્વારા માનવમનની તિરાડોને સાંધવાનું અને એ રીતે મનુષ્યની ચેતનાશક્તિને જાગ્રત કરવાનો પ્રયાસ કરે છે. વ્યક્તિએ પોતાની સમસ્યાઓનું યથોચિત પરિણામ મેળવવા પૂ. શાસ્ત્રીજીના આદેશોનું દઢ પાલન કરવું જરૂરી છે.

ડૉ. તપસ્વી નાન્દીએ પોતાના વક્તવ્યમાં પૂ. શ્રીના આદેશોનું પાલન કરવા પોતાના અસામર્થ્ય જાહેર કરતાં જણાવ્યું હતું કે શરણાગતિના ભાવને સતત જાળવી શકાતો નથી. રોજ નિતનવીન ફરિયાદો ઉદ્ભવતી જ રહે છે. મન, વચન ને કર્મથી પણ કંઈ પામી શકાતું નથી.

કાર્યક્રમનું સમાપન કરતા શ્રી કૈલાસબહેને પૂ. શ્રીના કાર્યમાં સહભાગી થવા બદલ ધન્યતાની લાગણી વ્યક્ત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે તમે અન્તરના ઊંડાણથી યાદ કરશો તો ચોક્કસ ગુરુદેવની અગોચર સહાય તમને અવશ્ય મળશે. એ માટે અન્તરને દિવ્ય ને આધ્યાત્મિક પ્રેમથી ભરી દઈએ. તેમણે પૂ. શ્રીની બાણુશૈયાને ફૂલમાં ફેરવવા પ્રયત્ન કરવા જણાવ્યું હતું.

□


**M. N. CHAMPANERIA**
B. E. Civil (HONS), A. M. I. E. (INDIA)

# JANAK ENTERPRISE

1/29, NAVJIVAN CO-OPERATIVE HOUSING SOCIETY,
LAMINGTON ROAD, BOMBAY-400 008





Scanned by CamScanner

# પૂ. ગુરુદેવના સાન્નિધ્યની પળોમાં....

લન્ડનથી આવ્યા પછી અમે થોડાંક ભાઈ–બહેનો પૂ. શાસ્ત્રીજીના સાન્નિધ્યમાં બેઠા હતા. શાસ્ત્રીજી આવનાર સૌની ખબર પૂછી રહ્યા હતા. તો સૌ ભાઈ–બહેનો પણ લન્ડનનો પ્રવાસ કેવો રહ્યો, ત્યાંના કાર્યક્રમની વિગતો વગેરે અંગે પૂછી રહ્યા હતા. શાસ્ત્રીજી સાથે એક પ્રકારની આત્મીયતા અને ઘનિષ્ઠતા અનુભવાતી હતી.

માતાજીના અનુભવોની વાતો કરવા માટે કેટલાક ભાઈબહેનોએ જણાવતાં કૈલાસબહેને લન્ડનના કાર્યક્રમની કેટલીક વિગતો જણાવી. કૈલાસબહેને એક પ્રસંગ વર્ણવતા જણાવ્યું :

'એક દિવસ સવારે લેસ્ટરમાં દસેકના સુમારે હું મારા ખંડમાંથી તૈયાર થઈ ને બેઠકખંડમાં આવી ત્યારે પૂ. ગુરુદેવ તૈયાર થઈને એક બાજુના સોફામાં બિરાજી ગયા હતા. હું તેમની નજીક ગઈ. મેં જોયું તો તેમની આંખો બંધ હતી. મને ખાતરી થઈ ગઈ કે પૂ. શ્રી ચોક્કસ માતું ધ્યાન ધરી કોઈક ભક્તની ભીડ ભાંગવા પહોંચી ગયા છે. આથી તેમને ખલેલ ન પહોંચે તેમ હું ચૂપચાપ તેમનાં ચરણો પાસે બેસી ગઈ. ધ્યાનસ્થ બનેલા તેમના સમગ્ર સ્વરૂપમાંથી પ્રગટતી દિવ્ય ને તેજસ્વી આભાનાં દર્શન કરવામાં





Scanned by CamScanner

હું પણ ખોવાઈ ગઈ. થોડી વારમાં જ પૂ. શ્રી આંખો ખોલી મને સમીપ બેઠેલી જોઈ તેઓએ એક મંદ ને મોહક સ્મિત વેર્યું. મેં તેમને વન્દન કર્યા અને પૂછ્યુ :

આપ ક્યાં ગયા હતા ?

તેમણે કહ્યું : હું વડોદરા ગયો હતો. શ્રીમાન અને શ્રીમતી ગુપ્તાને કેટલીક સમસ્યાઓ ઊભી થઈ છે. તેઓ મને અને માતાજીને સતત યાદ કરે છે તેનો મને ખ્યાલ આવતાં જ મેં માતાજીનું સ્મરણ કરી ધ્યાન ધરી તેમની સમસ્યાઓ હલ થઈ જાય તેવા સંજોગો નિર્માણ કરવા માતાજીને પ્રાર્થના કરી છે. તેમના પર માતાજીની કૃપા વરસી છે ને તેમની સમસ્યા હલ થઈ જશે તેવો મને સંકેત મળ્યો છે.

મા ગાયત્રીની અપરંપાર ને અકળ લીલાને વાગોળતાં અમે બન્ને ભાઈ–બહેન થોડી વાર બેસી રહ્યા.

વ્યક્તિગત મુલાકાતનો સમય થવા આવ્યો હોવાથી અમે અમારા રહેઠાણ વિસ્તારમાંથી બહાર નીકળ્યા. કાર્યકર્તા ભાઈ–બહેનો અમારી પ્રતીક્ષા કરી જ રહ્યા હતા.

લન્ડનથી આવ્યા બાદ શ્રીમાન અને શ્રીમતી ગુપ્તાનો વડોદરાથી કોલ આવ્યો. શ્રીમતી ગુપ્તાએ પૂ. ગુરુદેવને કોલ પર પ્રણામ પાઠવી જણાવ્યું કે,

આપ લન્ડન હતા ત્યારે અમને કેટલીક બાબતોની મુશ્કેલી ઊભી થઈ હતી. આથી મેં આપનું સતત સ્મરણ કરી મદદ કરવા જણાવ્યું. અને તરત જ અમારી સમસ્યાઓના નિરાકરણ માટેના સંજોગો નિર્માણ થવા લાગ્યા અને ધીરે ધીરે અમારી એ મુશ્કેલી દૂર થઈ ગઈ.

પૂ. ગુરુદેવે કોલ પર જ જણાવ્યું કે, મને લન્ડનમાં ખ્યાલ આવી જ ગયો હતો. તમારા પર માતાજીની કૃપા છે. તમે ચિંતા ન કરશો.

ત્યાર બાદ મેં પણ શ્રીમતી ગુપ્તા સાથે કોલ પર વાત કરી અને તે વખતે મને થયેલો અનુભવ જણાવ્યો.

પૂ. ગુરુદેવે તો જણાવ્યું જ છે કે, તમે મને જ્યારે જ્યારે અન્તરના ઊંડાણથી યાદ કરશો ત્યારે હું અવશ્ય કોઈ ને કોઈ રીતે હું ચોક્કસ તમારી પાસે આવીશ. એનો આ અનુભવ પુરાવો બની રહે છે.'

□


શ્રી ગાયત્રી માતાજીની કૃપા અને પૂજ્ય ગુરુદેવના આશીર્વાદની અભ્યર્થના

✽ શ્રી અંબિકા સોપ ફેકટરી અને ટી ડેપો ✽

◈ શ્રી અંબિકા કેમિકલ ઈન્ડસ્ટ્રીઝ ◈

● શ્રી જય અંબે સોપ એન્ડ ટી સેન્ટર ●

( રીટેઈલ વિભાગ )

૪/૧૩૩, હરિપરા પીરછડી રોડ, અંબિકાસદન, સુરત–૩

ટેલિફોન નંબર : ૨૩૯૪૮, ૩૮૬૪૧

" ડીટરજન્ટ સાબુ તથા વોશીંગ પાવડરના ઉત્પાદક "





Scanned by CamScanner

# જીવનરૂપી ખેલમાં સફળતા મેળવવી છે?

ડૉ. કાન્તિલાલ કાલાણી

કહે છે કે ચીનમાં એક વિખ્યાત સરકસની કંપની હતી. આ કંપની વિવિધ પ્રાણીઓનાં અદ્‌ભુત ખેલ માટે એટલી જાણીતી હતી કે લોકો દૂર દૂરના ગામડાંમાંથી જોવા માટે ઉમટતા. એમાંય એક વાઘનો ખેલ અદ્‌ભુત બની રહેતો.

એક દિવસ વાઘ ઓચિંતો ખૂબ માંદો પડી ગયો. સરકસના માલિકે તેને બચાવી લેવા બધા પ્રયત્નો કરી જોયા. ત્રણ નિષ્ણાત પશુ–ચિકિત્સકોએ ઈલાજો કર્યા પણ વાઘ બચી ન શક્યો. માલિક એકદમ મૂંઝવણમાં મુકાઈ ગયો. લોકો ખાસ કરીને વાઘનો ખેલ જોવા જ આવતા. હવે શું કરવું! તાલીમ પામેલો વાઘ તત્કાલ ક્યાંથી લાવવો? વાઘને કારણે ખેલ બંધ રાખવો પણ વાજબી ન ગણાય. ત્યાં સરકસનો એક માણસ તેની પાસે આવ્યો. તેણે જોયું કે માલિક ખૂબ હતાશ થઈ ગયા છે. તેણે કહ્યું: માલિક, તમે જાણો છો કે આ સરકસમાં જોડાયા પહેલાં મેં વર્ષો સુધી વાઘની સાથે જ કામ કર્યું છે. હું તેના લક્ષણો, રીતભાત, ઈત્યાદિથી માહિતગાર છું. તમે સહાયરૂપ થાવ તો હું વાઘનો ખેલ ભજવી શકું.

માલિકે તેને થોડા કલાકમાં વાઘની કામગીરી બજાવવા તૈયાર કરી દીધો. તેને વાઘનું ચામડું એવી રીતે પહેરાવી દીધું કે કોઈને ખ્યાલ ન આવે કે તે વાઘ નથી. તેણે અદ્‌ભુત ખેલ કરી બતાવ્યો. લોકો વાહવાહ પોકારી ઉઠયા. કોઈને ખ્યાલ ન આવ્યો કે તે સાચો વાઘ નથી.

પછી તો નગરમાં સરકસ ચાલ્યું ત્યાં સુધી પેલા માણસે જ વાઘનો પાઠ ભજવવાનો ચાલુ રાખ્યો. તેમાં એક દિવસ લોકો રંગમાં આવી ગયા. કેટલાક લોકોએ એવો આગ્રહ રાખ્યો કે અમને વાઘ અને સિંહની રમત એક સાથે જોવી છે.

ખ્યાલમાં આવે કે એમાં કોણ ચડિયાતું છે? જે સારો ખેલ બતાવશે તેને મોટું ઈનામ આપીશું.

વાઘનો વેશ ધારણ કરેલો માણસ લોકોની વાત સાંભળતો હતો. તેને થયું: આ તો મોટી ગરબડ થઈ ગઈ. તેણે સમીપ રહેલા માલિકને ધીમે રહીને કહ્યું: આવું જોખમ ન લેવાય. એમ કરો તો હું ખુલ્લો પડી જાઉં! અત્યાર સુધીનું કર્યું-કારવ્યું ધૂળમાં મળી જાય. હજી આમ વાત ચાલતી હતી ત્યાં સિંહ પિંજરામાંથી બહાર આવ્યો. પિંજરાનો દરવાજો ભૂલમાં ખૂલો રહી ગયેલો. સિંહે બહાર નીકળી વાઘ પર તરાપ મારી. વાઘે તેને પણ સમજાવી દીધું કે પોતે વાઘ નથી પણ માણસ છે! ખેલ ભજવવા વાઘનું ચામડું પહેર્યું છે. તાલીમ પામેલો સિંહ શાણો હતો. માણસની વાત સમજી ગયો. પછી વાઘ સાથે રમત રમવા માંડયો! લોકો હર્ષઘેલા થઈ ગયા!

---

**ભગવાનનો આ વિરાટ ખેલ ચાલુ રહે તે માટે આપણને જે કામગીરી સોંપવામાં આવી હોય તે પૂરેપૂરી સભાનતા, નિષ્ઠા, આવડત, તકેદારી અને જવાબદારીથી બજાવવી જોઈએ. તેમાં કદી આળસ–પ્રમાદ ન કરાય.**



Scanned by CamScanner

મનુષ્ય પશુ–પંખીઓનાં મહોરાં પહેરીને ખેલ ભજવી બતાવી શકે. પશુ–પંખીઓ અન્યનાં મહોરાં પહેરી ન શકે. મનુષ્ય નાટક ભજવી શકે એટલું જ નહિ, પ્રેક્ષકો પણ તેની અદામાં એટલા એકરસ થઈ જાય કે પાત્ર ભજવનાર અને પાત્ર વચ્ચેનો ભેદ ભૂલી જાય! ટેલિવિઝન પર 'રામાયણ' અને 'મહાભારત' દર્શાવતા હતાં ત્યારે લાખો લોકો અરુણ ગોવિલને રામ અને દીપિકાને સીતા માનવા માંડેલા. દીપિકા એક યુવતી છે અને સિરિયલમાં તે માત્ર સીતાનો પાઠ ભજવી રહી છે, એવું હવે લોકો સમજવા માંડયા છે, પણ હજી વાસ્તવિકતાથી અપરિચિત અબુઝ લોકો દીપિકા અને સીતા અલગ છે એમ માનવા તૈયાર નહોતા.

કલાકારની ખૂબી એ છે કે તે પાત્ર સાથે પૂરેપૂરું તાદાત્મ્ય સાધે છે છતાં પોતે કોણ છે તેનું તેને વિસ્મરણ થતું નથી. પાત્ર ભજવતી વખતે તે પોતાની જાતને સ્મૃતિમાં લાવતો નથી; મારાપણાના કે પોતાપણાના ભાવ લાવતો નથી. તે હું અને મારું એવા શબ્દોનો ઉપયોગ કરે છે ખરો, કારણ કે પાઠ ભજવતો હોય ત્યારે તેણે ધારણ કરેલાં નામ–રૂપને સાચાં બતાવવાં પડે. તે જે પાઠ ભજવતો હોય તે લોકોને એકદમ સાચો લાગે છે. જોનારને બધી ઘટનાઓ સત્ય લાગે પણ ભજવનારે સમય પૂરતો જ ખેલ ભજવવાનો છે. દિગ્દર્શકે તેને જે સંવાદો બોલવાના કહ્યા હોય, જે રીતે અભિનય કરવાનો કહ્યો હોય, તે પ્રમાણે જ તે કરે છે. તેમાં પોતાનું ડહાપણ ઉમેરતો નથી કે તેમાંથી કાંઈ ઓછું કરતો નથી. આ બધું રંગમંચ પર હોય ત્યાં સુધી જ. જેવો ખેલ પત્યો કે થોડી વારમાં તે મૂળસ્વરૂપમાં આવી જાય છે અને નાટકમાંના સંવાદોને કે અભિનયને સહેજ પણ વચ્ચે લાવતો નથી.

ભક્ત પણ પરમાત્માએ પૃથ્વી પર મોકલેલો કલાકાર છે. વાઘનું પાત્ર ભજવનાર માણસ તેના સાચા સ્વરૂપનો લોકોને ખ્યાલ આવવા દેતો નથી, તેમ ખરો ભક્ત બેઠી ભક્તિ કરે છે. તે પોતાની ભક્તિનો કે પોતાના જ્ઞાનનો કયાંય ઉહાપોહ કરતો નથી. તે ધંધો–નોકરી કરે છે, વ્યવહાર કરે છે, કોઈના સુખ–દુઃખના પ્રસંગે જઈને ઊભો રહે છે, એમ ઘણું બધું કરે છે, પણ તેના કેન્દ્રમાં પરમાત્મા જ હોય છે. તે સર્વત્ર શેઠ તરીકે પરમાત્માને જ રાખે છે અને પોતે મુનીમ તરીકે વર્તે છે.

સાચો ભક્ત જગતમાં વેશ ભજવે છે, પણ તે સ્વલક્ષે જીવે છે. પોતે આ જગત પર શા માટે આવ્યો છે અને કઈ રીતે કામ કરવાનું છે તેનું તેને શરૂઆતમાં ભાન ન હોય તેવું બને. કારણ કે સતત જીવન સંગમાં રહેવાથી તેને સ્વપણાની સ્મૃતિ નથી રહેતી. પણ કોઈ અનુભવી કે સંત તેને સ્વપણાનું ભાન કરાવે છે કે તરત તેની સ્મૃતિ જાગી ઊઠે છે. પછી એ કુસંગ છોડી સત્સંગનો માર્ગ લે છે. અનુભવીઓના સંગથી અને લાંબા સમયના સત્સંગને અનુભવની ખરલમાં ઘૂંટયા પછી તેને સમજાવા લાગે છે કે પોતે જે નામ–રૂપને પારાવાર મહત્ત્વ આપતો હતો તે નામ–રૂપ તો દેહનાં છે, જે કયારેક ને કયારેક નાશ પામવાનાં છે. નામ–રૂપ ખરેખર મહોરાં જેવાં છે. વાઘનું ચામડું પહેરી લેનાર સાચો વાઘ નહોતો. માણસે વાઘનું ચામડું યુક્તિપૂર્વક ઓઢયું હતું અને તેણે એવો આબેહૂબ ખેલ ભજવી બતાવ્યો હતો કે સરકસ જોનારાઓને ખ્યાલ જ ન આવ્યો કે સાચી પરિસ્થિતિ શું છે. આ જગતમાં પણ જે પુરુષ હોય તે પોતાને પુરુષ અને સ્ત્રી હોય તે પોતાને સ્ત્રી માને છે. કોઈ પોતાને જીવ કે આત્મા માનતું નથી. વાસ્તવમાં જીવ સ્ત્રી પણ નથી અને પુરુષ પણ નથી; જીવ જીવ જ છે.

મનુષ્યને શરીર સાધનરૂપે મળ્યું છે; સરકસના માણસને વાઘનું ચામડું સાધનરૂપે મળ્યું હતું તેમ. પેલો માણસ જેમ વાઘ નહોતો, તેમ મનુષ્ય પોતે શરીરરૂપી સાધન નથી. જગતમાં અત્યારે પૈસાથી વ્યવહાર ચાલે છે, પણ મનુષ્ય પોતે પૈસો નથી. એ ખરું કે પૈસાનો વ્યવહાર કરવા જીવંત શરીરની જરૂર પડે છે. મનુષ્ય શરીરનો ઉપયોગ કરે છે, પણ મનુષ્ય શરીર નથી અને શરીર તેનું પણ નથી.



Scanned by CamScanner

મનુષ્યની આજ્ઞા અનુસાર વર્તે તે તેનું કહેવાય. શરીર તેની ઈચ્છા હોય ત્યારે જીવનું માને; ન પણ માને. શરીર કર્મનું બંધારણ છે અને કર્મની આજ્ઞા મુજબ ચાલે છે. મનુષ્યની ઈચ્છા વિરુદ્ધ તે બીમાર પડે છે, થાકી જાય છે, વૃદ્ધ થાય છે અને નાશ પામે છે. પછી શરીર તેનું કેમ કહેવાય?

સરકસના માણસે કામ પાર પાડવા માટે વાઘના ચામડાનો ઉપયોગ કરી લીધો તેમ આત્મભાવે જીવવું હોય તો શરીર પ્રત્યે મારાપણાનો જે ભાવ છે અથવા કહો કે મમત્વ છે તે ત્યજી દેવાં જોઈએ. શરીર પરત્વેના આ ભાવો છૂટી જાય તો શરીર સાથે જોડાએલાં તમામ સગા-સંબંધીઓ પ્રત્યેની મમતા છૂટી જવાની. આવી મમતા છૂટી ગઈ છે તેની ખાતરી ત્યારે થાય કે કોઈ આપણાં નામ કે રૂપની પ્રશંસા કે નિંદા કરે તો સુખ કે દુઃખના ભાવ ન થાય.

સરકસનો ખેલ તો એકદમ મર્યાદિત સમય પૂરતો હોય છે, જ્યારે જીવનરૂપી ખેલ પ્રમાણમાં લાંબો અને અનેક પ્રકારની આંટીઘુંટીઓથી ભરેલો છે. મનુષ્યે સમજણને સારી રીતે ખીલવી ન હોય તો તે અનુકૂળ કે પ્રતિકૂળ પરિસ્થિતિમાં સપડાઈ જાય છે. સમજણ ખીલવવી એટલે દરેક પ્રસંગે, વિચાર, વિવેક, પરિણામલક્ષી દ્રષ્ટિ, નિશ્ચયબળ, વાણીનો સંયમ, ધીરજ, તટસ્થતા ઈત્યાદિને હાજર રાખવાં. આમાં ક્યાંક ચૂક થઈ જાય તો શરીરની માવજત કરવાને બદલે શરીર પ્રત્યે મોહ જન્મે, બહિર્મુખ થઈ જવાય; સૌમાં પરમાત્મા સત્તારૂપે કામ કરી રહ્યા છે તેનું વિસ્મરણ થઈ જાય અને સૌના ગુણ-દોષની પંચાતમાં પડી જવાય; દેહભાવ કેન્દ્રમાં આવી જાય; દરેક કાર્યમાં ભગવાનને આગળ રાખવાનું ભૂલી જવાય; અનાસક્તિ ન કેળવાય, અસંગીન રહેવાય; અહીં બધું ભગવાનનું છે અને ભગવાનની ઈચ્છાનુસાર ચાલ્યા કરે છે એવો નિશ્ચય ન થાય; કર્મના અટલ નિયમો ખ્યાલમાં ન આવે; ઋણાનુબંધ કે લેણદેણ પરસ્પરના સંબંધમાં મહત્ત્વની કામગીરી બજાવે છે તેનો ખ્યાલ ન આવે; વિચાર, વાણી અને વર્તનમાં એકરૂપતા ન આવે અને અન્તઃકરણ તેમ જ ઈન્દ્રિયોનો ભગવાન અર્થે કેમ ઉપયોગ કરવો તે ન આવડે. આમ મોટી કિંમત ચૂકવવી પડે.

શરીરરૂપી મહોરું ખેલ કરવા માટે બરાબર છે, પણ આત્મારૂપે રહેવું હોય, આપણાં મૂળ સ્વરૂપમાં સ્થિર રહેવું હોય, તો હર્ષ-શોક, રુચિ-અરુચિ, સુખ-દુઃખ, સારું-નરસું, લાભ-હાનિ, આશા-નિરાશા, જય-પરાજય, વિકાસ-હ્રાસ જેવાં અસંખ્ય દ્વન્દ્વોમાં સપડાઈ ન જવાય તેની કાળજી રાખવી જોઈએ. સરકસના માણસની જેમ આપણે વેશ ધારણ કરેલો છે. એટલે તેની અવારનવાર કસોટી થવાની. આ કસોટી વેળા જો જાગૃતિ ન રહે, અહંકાર કે અભિમાન આવી જાય અથવા આત્મવિશ્વાસ ગુમાવી દેવાય તો ખેલ કરતાં આવડયો ન ગણાય.

સરકસનો માણસ સરકસ ચાલુ રહે એટલે ખેલ ભજવવા તૈયાર થયો હતો. ભગવાનનો આ વિરાટ ખેલ ચાલુ રહે તે માટે આપણને જે કામગીરી સોંપવામાં આવી હોય તે પૂરેપૂરી સભાનતા, નિષ્ઠા, આવડત, તકેદારી અને જવાબદારીથી બજાવવી જોઈએ. તેમાં કદી આળસ-પ્રમાદ ન કરાય. સૌને શાંતિ, આનંદ, સંતોષ, સ્થિરતા ઈત્યાદિ મળતાં રહે, જીવન હળવું-ફૂલ બની રહે, સૌને માટે નમુનારૂપ બની રહે, સહવાસ કે સંબંધમાં આવનારની પરમાત્માની સત્તા સર્વત્ર પ્રવર્તી રહી છે અને તેમની કૃપાની સતત વર્ષા થઈ રહી છે એવી પ્રતીતિ થાય અને જીવનરૂપી ખેલને ખેલ તરીકે જોવાની દષ્ટિ આવી જાય તો ખેલમાં ઉતર્યાની સાર્થકતાનો અનુભવ થાય. જેને દેહરૂપી મોહરું પહેરતાં અને ઉતારતાં આવડતું હોય તે જ આ ખેલમાં પાર નીકળી જઈ શકે; અન્યને માટે આ ભવાટવિમાં ભટકવાનું લખાયેલું જ છે.

☐



Scanned by CamScanner

# હૃદયના વાલ્વની બિમારીમાંથી મુક્તિ!

હૃદયની અનેકવિધ બિમારીઓનું પ્રમાણ ઘણું વધતું જાય છે. એની સારવાર, ચિકિત્સા, દવા, ડૉકટરોની ફી વગેરે ખૂબ જ ખર્ચાળ હોય છે, જે સામાન્ય મનુષ્ય માટે મોટેભાગે અશકય ને અસંભવ બની રહે છે. એવી ખર્ચાળ સારવાર સંપન્ન વ્યક્તિ માટે સુલભ બની શકે છે. સાથે જ બીજી એક હકીકત એ નોંધપાત્ર બની રહે છે કે એવી ખર્ચાળ સારવાર લેવા છતાં પણ હૃદયની બિમારીમાંથી રાહત કે મુક્તિ તો ભાગ્યે જ મળે છે. કદાચ સંપન્ન વ્યક્તિ માટે એવી ખર્ચાળ સારવાર સુલભ બને ને હૃદયના દર્દમાંથી-બીમારીમાંથી મુક્તિ મેળવી પણ શકે છે, પણ સામાન્ય વ્યક્તિ માટે, મધ્યમ વર્ગ માટે હજારો-લાખેક રૂપિયાની સારવાર તો દુર્લભ જ બને છે, અશકય ને અસંભવ બને છે અને વ્યક્તિએ હૃદયનું એ દર્દ સહન કર્યા વિના બીજો કોઈ આરો નથી રહેતો.

વળી હૃદયની બીમારીની સારવાર ખર્ચાળ ઉપરાંત પણ એટલી અટપટી હોય છે કે એ અટપટી ગૂંચવણોમાંથી બહાર નીકળવું મુશ્કેલ બની જાય છે. સંપન્ન વ્યક્તિ પૈસાના જોરે એ સારવાર સુલભતાથી મેળવી શકે તોય એની અનેકવિધ આડ અસરોનો પણ સામનો કરવો પડે છે. એટલું જ નહિ તેમાં ખૂબ જ કાળજી લેવી પડે છે જેને પહોંચી વળવું ઘણું દુષ્કર બની જાય છે.

આવા સંજોગોમાં કરવું શું?

સામાન્ય કે સમ્પન્ન કોઈ પણ વ્યક્તિ માટે ઘણો મોટો મૂંઝવનારો પ્રશ્ન બની જાય છે.

આવા સમયે ઈશ્વરશરણું જ એક માત્ર તરણોપાય બની રહે છે. કોઈ સન્ત કે ગુરુનું માર્ગદર્શન, તેમની આત્મિક શક્તિનાં સ્પંદનો વ્યક્તિ માટે ઉપકારક બની રહે છે.

શાસ્ત્રીજીની આત્મિક શક્તિઓ આવા અસાધ્ય શારીરિક દર્દોમાં જીવતદાન બક્ષે છે. આવા દર્દી પરત્વે તેમનું માર્ગદર્શન દર્દીને તેના દર્દમાંથી રાહત કે મુક્તિ અપાવે છે. તબીબોની ખર્ચાળ સારવાર પ્રાપ્ત થવા છતાં કે તેવી સારવાર મેળવી ન શકનાર તમામ વ્યક્તિની મૂંઝવણોની અનેક શારીરિક, માનસિક યાતનાઓ-વિટંબણાઓનો અન્ત આવે છે. દર્દની યાતનાઓથી બોજરૂપ બની ગયેલ વ્યક્તિ, તેનાં સ્વજનો શાસ્ત્રીજીના સવિચારોથી ઠંડક ને રાહતની લાગણી અનુભવે છે.

ગાંધીનગર-જાખોડાના શ્રી જેઠાભાઈ શામળભાઈ પટેલે તેમનો આવો જ એક પ્રસંગ વર્ણવતાં જણાવ્યું હતું કે મારી દીકરી સૂર્યાબહેનને હૃદયના વાલ્વની બિમારી હતી. મુંબઈ ડૉકટરને બતાવ્યું હતું.

---

**"આવા સમયે ઈશ્વરશરણું જ એક માત્ર તરણોપાય બની રહે છે. કોઈ સન્ત કે ગુરુનું માર્ગદર્શન, તેમની આત્મિક શક્તિનાં સ્પંદનો વ્યક્તિ માટે ઉપકારક બની રહે છે."**



Scanned by CamScanner

એક લાખ રૂપિયાનો ખર્ચ થાય તેમ હતો. તે મને પોષાય તેમ ન હતું. આથી અમે સૌ મૂંઝવણમાં હતા. મારા એક સંબંધીએ ગુરુદેવના કાર્યયજ્ઞની જાણ કરી અને તેમની મુલાકાત-માર્ગદર્શન લેવા જણાવ્યું. આ બિમારી છેલ્લાં ૧૮ વર્ષથી હતી તેથી મટશે કે નહિ તે શંકા હતી.

તેમ છતાં મારા સંબંધીના કહેવાથી એક આખરી ઉપાય તરીકે શાસ્ત્રીજીની મુલાકાત-માર્ગદર્શન લેવાનું નક્કી કર્યું. તેમને મળી તેમના માર્ગદર્શન પ્રમાણે જીવનજળ, ગાયત્રી મંત્રીજપ અને લસણની ૪ કળી તેમ જ નવ પાન તુલસીનાં લેવા શરૂ કર્યાં. સતત બે વર્ષના સેવનથી બેબીને સારું થઈ ગયું. અત્યારે પણ જળ ચાલુ છે, પણ હૃદયની બીમારી સારી થઈ ગઈ છે. દરમિયાન દીકરીને પરણાવી અને બે બાળકો પણ છે.

□


શુભેચ્છા સહિત :

☎ ઘર : ૩૬૫૦૫
ફેકટરી : ૪૨૧૫૪

ડૉ. જયંત વાડીલાલ ગીલીટવાલા

દરેક જાતનો જરી કસબ ગીલીટ કરનાર



ડૉકટર જયંત ફેબ્રીકસ

હેવી ડ્રેસ મટીરીયલ્સ પોલીસ્ટર

: ફેકટરી :
પ્લોટ નં. ૧૩/૧, ખટોદરા
ઉધના રોડ, સૂરત

: રહેઠાણ :
૯/૫૬૮, કોટસફીલ રોડ,
સૂરત-૧




Scanned by CamScanner

# ગોપ કેવી રીતે સારો થયો?

જગતમાં ઈશ્વરીય શક્તિ છે. તેના આશ્રયે જનારને, તેની કૃપા વાંછતા મનુષ્યને એ જરૂર મળે છે. એ ઈશ્વરીય શક્તિને આત્મસાત્ કરી ચૂકેલા સન્તોના આશીર્વાદનું પણ જીવનમાં કોઈક મહત્ત્વ છે. ઈશ્વરીય શક્તિને આપત્તિઓથી અકળાયેલા, મૂંઝવણોથી મુંઝાયેલા નિઃસહાય નિરાશ માનવી સુધી સંચારિત કરવાના સન્તોના આધ્યાત્મિક કહેવાતા પ્રયત્નો સફળતાઓને મનુષ્યજીવનમાં ખેંચી લાવે છે, તેની મૂંઝવણો–આપત્તિઓ દૂર થઈ જાય છે તેમ કોણ માનશે?

કોઈ માને કે નહિ માને તેની સાથે કોઈ નિસબત નથી. મનુષ્યના તમામ પ્રયત્નો નિષ્ફળ જાય છે ત્યારે જ ઈશ્વરીય શક્તિને સંચારિત કરવાનો તેને વિચાર આવે છે. આ જગતમાં સહાયની યાચના કરતો કરતો માનવી જ્યારે ખાલી હાથે પાછો ફરે છે ત્યારે તેને ઈશ્વરનો દરબાર યાદ આવે છે.

ઈશ્વરનો દરબાર ક્યારેય બંધ નથી રહેતો. તેનો દરબાર તો અહર્નિશ ખુલ્લો જ રહે છે. એનાં ભંડાર ભરપૂર છે. સહાયની યાચના સાથે ઈશ્વરના દરબારમાં જનાર વ્યક્તિ કદી ખાલી હાથે પાછી ફરતી નથી.

વળી ઈશ્વરીય શક્તિને આત્મસાત્ કરી ચૂકેલા સન્તોના આશીર્વાદથી ઈશ્વરીય શક્તિ તત્ક્ષણ ખૂબ જ ત્વરાથી સંચારિત થઈ જાય છે. મનુષ્યને એથી થોડીક અલૌકિક ને દિવ્ય શક્તિ પ્રાપ્ત થતાં જ તેની આપત્તિઓ–મૂંઝવણો, અકળામણોનાં વાદળાં વિખરાવા લાગે છે.

અત્રે પોતાના કુમળી કળી જેવા હસતા–રમતા બાળકના પ્રાણની રક્ષાની યાચના કરતા પિતાને બધાના દરબારમાંથી ખાલી હાથે પાછા ફર્યા પછી ઈશ્વરીય દરબારની યાદ આવે છે. ઈશ્વરીય શક્તિને આત્મસાત્ કરી ચૂકેલા સન્તના–ગુરુના આશીર્વાદ લેવાની પ્રેરણા જાગે છે અને પછી શું થાય છે તેની કેફિયત અત્રે તે પિતાના શબ્દોમાં જ વર્ણવી છે. શાસ્ત્રીજીના સતત સમ્પર્કમાં રહેતા ભરૂચના શ્રી જગદીશ જોશીએ જણાવ્યું હતું કે,

૧૯૮૧ની આ વાત છે.

એક દિવસ રાત્રે અમે સૌ આનન્દથી વાતચીત કરી સૂઈ ગયા. મારી સાથે મારો નાનો પુત્ર ગોપ સૂતો હતો. અચાનક રાત્રે અઢી–ત્રણ વાગ્યે મારી આંખ ખુલી તો ગોપ ખાંસી સાથે ડચકાં ખાતો હતો. તેનાથી રડી પણ શકાતું નહોતું. આંખો પણ બંધ રહેતી હતી. ધીમે ધીમે ખાંસી બેસી જશે તેમ માની રાત પસાર કરી.

---

**“ઈશ્વરના દરબારમાં જનાર વ્યક્તિ કદી ખાલી હાથે પાછી ફરતી નથી.”**

× × ×

**“ગોપની જરા પણ ચિંતા ના કરીશ. માતાજી સારું કરી દેશે. એની જવાબદારી મારી. માટે તું ચિંતા છોડી દે. મારા તને આશીર્વાદ છે.”**



Scanned by CamScanner

સવારે અમારા ડૉક્ટર પાસે લઈ ગયા તો તેમણે કહ્યું : મારાથી આ કેસ સુધરશે નહિ. હૉસ્પીટલમાં મોટા ડૉક્ટરને બતાવો.

અમે શહેરના નામાંકિત ડૉક્ટર શ્રી મોદી પાસે લઈ ગયા. તેઓ લગભગ વડોદરા મિટીંગમાં જવા નીકળતા હતા અને અમે પહોંચી ગયા. તેમણે ગોપને કાચમાં જોયું તો જણાયું કે તેની શ્વાસનળી પર ખૂબ જ સોજો છે.

મેં પૂછ્યું : કોઈ ચિંતા જેવું તો નથી ને ?

તેમણે કહ્યું : ચિંતા સો ટકાની છે. શ્વાસ ક્યારે બંધ થઈ જાય તે કહેવાય નહિ. તેને ઑક્સિજન આપવો પડશે. હું તો મિટીંગમાં જાઉં છું. માટે તમે બીજી હૉસ્પીટલમાં જાઓ.

બીજી હૉસ્પીટલના ડૉક્ટર પણ મિટીંગમાં ગયા હતા. તેમણે કહ્યું કે, તમે કોઈ બીજી હૉસ્પીટલ કે ખાનગી દવાખાનામાં લઈ જજો, હું ઈન્જેક્શન લખી આપું તે અપાવજો. તેઓ તો ચાલ્યા ગયા.

ગોપની સ્થિતિ ચિંતાજનક હતી. હું ત્યાં જ ભાંગી પડ્યો હતો. હું રડી પડયો. મારી સાથે મારાં પત્ની અને એક મિત્ર મુસ્લિમભાઈ અમદાવાદી હતા. તેમણે મને આશ્વાસન આપ્યું અને અમે રીક્ષામાં બેસી રસ્તામાંથી ઇંજેક્શનો લઈને બીજા દવાખાનાની શોધમાં નીકળ્યા.

અમારા કમનસીબે તે દિવસે રવિવાર હતો. શહેરના તમામ ડૉક્ટરો વડોદરા મિટીંગમાં ગયા હતા. બધાના દરબારમાંથી અમે ખાલી હાથે પાછા ફરતા હતા.

અમે હારીને–થાકીને ગોપને ખોળામાં એ જ સ્થિતિમાં લઈને ઘેર આવ્યા. હું ઘેર આવીને રડતો હતો. રડતાં રડતાં મારી નજર અચાનક પૂજ્ય ગુરુદેવ શ્રી શાસ્ત્રીજીના મોટા ફોટા પર પડી. ફોટો અમારા ડ્રોઇંગરૂમના મોટા દરવાજા પર રહે છે. મારા મનમાં પ્રેરણા થઈ કે હું પૂ. ગુરુજીને આ વાત જણાવું.

મારો ફોન આગલે દિવસે જ ફીટ થયો હતો પરંતુ નંબર મળતો નહોતો. મેં બાજુમાંથી ફોન જોડયો. ફોન પર કૈલાસબહેન આવ્યાં. તેમણે મને જણાવ્યું કે પૂ. ગુરુદેવ પૂજામાં બેઠાં છે.

મેં કહ્યું, ભલે. પૂજામાંથી ઊઠયા બાદ આપ ગુરુજીને એટલું જણાવજો કે ગોપની તબિયત ખૂબ જ ચિંતાજનક છે. સારવારનો કોઈ રસ્તો નથી. માતાજીની કૃપા અને ગુરુદેવના આશીર્વાદથી તે સારો થાય. હું અડધા પોણા કલાક પછી ફરી ફોન કરીશ...

પછી હું દુકાને ગયો. નિરાશ થઈને ચિંતામાં બેઠો હતો, ત્યાં વીસેક મિનિટ બાદ મારા પોતાંના ફોનની ઘંટડી રણકી મને જાણ કરવામાં આવી કે તમારો ફોન આજથી ચાલુ થાય છે અને તમને નંબર આપવામાં આવે છે.

---

**"ડૉક્ટરનું કહેવું હતું કે શ્વાસનળી પર સોજો એટલો હતો કે ઑક્સિજન વગર જીવવાની કોઈ શકયતા જ ન હતી. અને એ સોજો ઇંજેક્શનની ટ્રીટમેન્ટના કોર્સ બાદ ત્રણેક દિવસે ધીમે ધીમે ઊતરે. જ્યારે આજે તપાસમાં એવું આવે છે કે શ્વાસનળી પર સોજો જ નથી. મને નવાઈ લાગે છે."**



Scanned by CamScanner

મેં તરત જ પૂ. ગુરુદેવને ફોન જોડયો.

બે વર્ષ પહેલાં ફોન નોંધાવતી વખતે મારી ઈચ્છા હતી કે ફોન આવશે એટલે પહેલો ફોન ગુરુદેવના આશીર્વાદ માટે કરીશ અને સંજોગવશાત્ પણ પૂ. ગુરુદેવને જ જોડાયો. ફોન દસપંદર મિનિટ બાદ ફોન લાગતા પૂ. ગુરુદેવ સ્વયં ફોન પર હાજર હતા. તેઓએ જણાવ્યું કે 'ગોપની જરા પણ ચિંતા ના કરીશ. માતાજી સારું કરી દેશે. એની જવાબદારી મારી. માટે તું ચિંતા છોડી દે. મારા તને આશીર્વાદ છે.'

મેં ફોન મૂકયો અને દુકાનના દરવાજા તરફ નજર કરી તો...

જે લગભગ અડધા બેહોશ જેવા અને શ્વાસથી પીડાતા જે ગોપને લઈને અમે દવાખાને દવાખાને ફરતા હતા તે જ ગોપ મારાં બાની આંગળી પકડીને ધીમે ધીમે ચાલતો દુકાને આવ્યો. તેને કોઈ તકલીફ ન હતી.

બાએ કહ્યું કે, ગુરુદેવને ફોન કર્યા બાદ તું દુકાને ગયો ત્યારથી ગોપને ફેર પડવા માંડયો અને અત્યારે તો તે એક બિસ્કીટ અને કૉફી લઈને મારી સાથે આવ્યો છે.

ગોપને કોઈ પણ જાતની દવા કે ઈન્જેક્શન અપાયાં નહોતાં.

ત્યાર બાદ બીજે દિવસે હું, મારા મિત્ર અમદાવાદી અને મારાં પત્ની ગોપને લઈને શ્રી મોદી ડૉકટર પાસે ચૅક કરાવવા ગયા. તેઓએ તપાસીને કાચમાં જોયા બાદ અમને કહ્યું કે, તમે એને કયાં દાખલ કર્યો હતો? ઑકિસજન અપાવ્યું હતું?

અમે કહ્યું કે, કોઈ પણ ડૉકટરનો સંપર્ક ન થતાં અમે ખાલી હાથે તેને લઈને ઘેર પાછા ફર્યાં હતા. માત્ર અમારા ગુરુદેવને પ્રાર્થના કરી આશીર્વાદ લીધા હતા. આપે લખી આપેલાં ઈન્જેક્શન પણ ખરીદેલાં અપાવ્યા વગરના એમ ને એમ જ પડેલા છે.

ડૉકટર વાત માનવા તૈયાર ન હતા. તેઓનું કહેવું હતું કે, શ્વાસનળી પર સોજો એટલો હતો કે ઑકિસજન વગર જીવવાની કોઈ શકયતા જ ન હતી, અને એ સોજો ઈન્જેકશનની ટ્રીટમેન્ટના કોર્સ બાદ ત્રણેક દિવસે ધીમે ધીમે ઊતરે. જ્યારે આજે તપાસમાં એવું આવે છે કે શ્વાસનળી પર સોજો જ નથી. મને નવાઈ લાગે છે.

□



Scanned by CamScanner

# અન્તર ડંખે છે

કયારેક માતાજીની સમ્પૂર્ણ શ્રદ્ધાપૂર્વક શરણાગતિ સ્વીકાર્યા પછી પણ કોઈક કોઈક પ્રશ્નોમાં શ્રદ્ધા ડગી જાય છે કે પ્રશ્નોના ઉકેલ માટે ચિત્ત આકસ્મિકપણે જ બીજી કોઈક દિશામાં દોડી જાય છે અથવા પોતાના કોઈક મિત્ર કે સ્વજન તરફથી પરમતત્ત્વની શરણાગતિ ને શ્રદ્ધાપૂર્વકના સ્મરણના પ્રયત્ન સિવાય કોઈ સૂચન થાય છે ત્યારે મનુષ્ય સહજ ભાવે જ એ દિશામાં પ્રયત્ન કરવા લલચાય છે.

શાસ્ત્રીજીના સતત સાન્નિધ્યમાં અને માતાજીના સતત સ્મરણમાં રહેતા આવા ઉપાસકના મનની વ્યથા શાસ્ત્રીજી તરત જ પામી જાય છે. વળી માતાજીની શરણાગતિ ને શ્રદ્ધા હોવા છતાં ચિત્ત અન્યથા થવાથી તે મનોમય ક્ષોભ ને સંકોચ પણ અનુભવે છે. ગુરુદેવ તેના મનનો ક્ષોભ સંકોચ પણ પારખી જાય છે અને સરળતાથી સહજ ભાવે જ, તેને પોતાને પણ ખબર ન પડે કે ન સમજાય તેમ તેમની રીત પ્રમાણે કરી દે છે કે ફિકર ન કરશો, ચિંતા ન કરશો, બીજે કયાંય જશો નહિ વગેરે; ગમે તે.

આવી સામાન્ય ટકોરથી વ્યક્તિને પોતાને પણ પોતાના શ્રદ્ધા અને શરણાગતિના ભાવો બદલાયાનો ખ્યાલ ગુરુદેવને આવી ગયો છે એવું સમજાઈ જાય છે. તો સાથે માતાજીની શ્રદ્ધા અને શરણાગતિની અનન્યતા નંદવાય નહિ તે માટે સંજાગ ને જાગૃત બને છે. તેની મનોવ્યથા ક્ષોભ–સંકોચ દૂર થઈ જાય છે, નવી જ શ્રદ્ધા–આશાનો સંચાર થાય છે ને સમયાન્તરે તેનો પ્રશ્ન ઉકેલાય છે.

અત્રે રજૂ કરેલો પ્રસંગ આવી જ હકીકતોને પુષ્ટિ આપે છે.

અમદાવાદના શ્રી સતીશભાઈએ પોતાનો અનુભવ વર્ણવતાં જણાવ્યું હતું કે,

ગુરુદેવને મળતાં પહેલાં ચાર–પાંચ વર્ષ પહેલાંથી હું માનસિક ગાયત્રી મંત્રજપ તો કરતો જ હતો. અને ગુરુદેવને મળતાં અગાઉ છ મહિના પહેલાથી માળા કરતો થયો હતો. દરમિયાનમાં ગુરુદેવના એક શિષ્ય મારફત મને ગુરુદેવનો પરિચય થયો. હું તેમની પાસે ગયો. ૧૯૮૪ની ૩૦મી જૂને પ્રમોશન માટેની પરીક્ષા માટે 'નીલોષા' પર મેં રૂબરૂમાં ગુરુદેવના આશીર્વાદ લીધા. તેમણે મને એક માળાનો આદેશ આપ્યો. પછી તરત જ, હું એક માળા કરું છું તેનો ખ્યાલ આવ્યો હશે તથી કે ગમે તેમ, પણ તેમણે કહ્યું,

---

"માળા કરો છો તે ચાલુ રાખજો."

× × ×

"દરગાહ પર એક ધર્મગુરુ છે તે ત્યાં વિધિ કરશે તો તારાં મિસિસ તારા કહ્યામાં રહેશે."



Scanned by CamScanner

'માળા કરો છો તે ચાલુ રાખજો. પાસ થઈ જશો.'

તેમના આશીર્વાદથી આખા ગુજરાત ઝોનમાં મારો પ્રથમ નંબર આવ્યો. મને પ્રમોશન મળ્યું.

ત્યારબાદ એક વાર મારી પત્ની સાથે અણબનાવ થયો. તે પિયેર ચાલી ગઈ. મેં ગુરુદેવને વાત કરી. તેમણે જણાવ્યું :

'તમારાં મિસિસ આવી જશે.'

દરમ્યાનમાં મારા એક મિત્ર કહે, 'આપણે દાણીલીમડા પાસે એક દરગાહ છે ત્યાં જઈએ. દરગાહ પર એક ધર્મગુરુ છે તે ત્યાં વિધિ કરશે તો તારા મિસિસ તારા કહ્યામાં રહેશે. એ માટે તેનું (પત્નીનું) પહેરેલું વસ્ત્ર સાથે લઈ જવું જરૂરી છે.'

આમ મારા મિત્રના કહેવાથી મારાં પત્નીનું પહેરેલું વસ્ત્ર (બ્લાઉઝ) લઈને હું નીકળ્યો.

પણ મારું અન્તર મને ડંખવા લાગ્યું કે મેં ગુરુદેવની શરણાગતિ સ્વીકારી છે તો તે છોડીને મારે બીજે શા માટે જવું જોઈએ?

મેં પેલા ભાઈને કહ્યું કે મારા ગુરુદેવને પૂછ્યા વિના હું તમારી સાથે નહિ આવું.

હું ગુરુદેવ પાસે ગયો. ગયો તો ખરો પણ ત્યાં બેઠા બેઠા મનમાં મુંઝવણ થાય કે કહેવું કેવી રીતે ?...

છતાં મેં હિંમત એકઠી કરીને ગુરુદેવને કહ્યું : 'મારાં મિસિસ હજી આવ્યાં નથી.'

ગુરુદેવ કહે : 'મારા પ્રયત્નો ચાલુ જ છે. આવી જશે. તમે બીજા કોઈ પણ પ્રયત્નો કરના નહિ.'

એ અરસામાં મારી બહેનના સસરા રાજકોટમાં રહેતા મારા સાળાને ત્યાં ગયા. તેમણે મારા સાળાને સમજાવ્યા અને કહ્યું કે તમારી બહેનને મોકલી આપો અને મારાં પત્ની રાજીખુશીથી ઘેર આવી ગયાં.

ત્યાર બાદ ફરીવાર જરા ઝઘડો થયો. આથી તે કહે કે હું પિયર જાઉં. પણ મને કોણ જાણે શું સૂઝયું તે મેં કહ્યું કે આપણે ગુરુદેવ પાસે જઈએ.

અમે બન્ને ગુરુદેવ પાસે આવ્યા.

મારાં પત્નીએ ગુરુદેવને પૂછ્યું : 'હું પિયર જાઉં ?'

ગુરુદેવે કહ્યું : 'હા જાઓ.'

---

**"પણ મારું અન્તર મને ડંખવા લાગ્યું કે મેં ગુરુદેવની શરણાગતિ સ્વીકારી છે તો તે છોડીને મારે બીજે શા માટે જવું જોઈએ ?"**

× × ×

**"મારા ગુરુદેવને પૂછ્યા વિના હું તમારી સાથે નહિ આવું."**

[ આધ્યાત્મિક કેડી, ઓકટોબર, '૯૧



Scanned by CamScanner

પણ તરત જ તેમને ખ્યાલ આવ્યો હશે તેથી કે ગમે તેમ પણ તેમણે પૂછ્યું : 'શાંતિથી જાવ છો ને ? ઝઘડીને નથી જતાં ને ?'

મારાં પત્નીએ કહ્યું. 'હા, ઝઘડો થયો છે.'

ગુરુદેવે કહ્યું : 'તો નહિ જવાય.'

પછી મારાં પત્ની ગયાં જ નહિ...

૧૯૮૮માં મારા પેટમાં દુખાવો થયો. ચેક કરાવ્યું તો લીવર પર ગાંઠ હોવાનું જણાયું. હોસ્પીટલમાં દાખલ થયો. સારવાર લીધી. હોસ્પીટલમાં પણ જપ-માળા ચાલુ જ હતા. સાથે જીવનજળ લીધું. જળ ઉપરાંત ગુરુદેવે નવ પાન તુલસીનાં અને નવ કાળી દ્રાક્ષ લેવા કહ્યું હતું તે પણ નિયમિત લેતો હતો. દસ-બાર દિવસ પછી રજા મળી. પાછળથી ફરી ચેક કરાવતાં ડૉકટરે કહ્યું કે તમારા કેસમાં ઓપરેશન જરૂરી જ હોય છે, પણ માત્ર મેડીસીન (દવા)થી કેવી રીતે મટયું તે જ મને સમજાતું નથી. કોઈક અલૌકિક શક્તિ જ કાર્યશીલ હશે !...

પહેલાં હું એક માળા ગાયત્રી મંત્રની તો કરતો જ હતો. મારાં પત્ની સાથેના અણબનાવના પ્રસંગ બાદ ત્રણ અને લીવરની બીમારીમાંથી સાજા થયા બાદ એકનો વધારો કરી મેં પાંચ માળાનો ક્રમ ચાલુ કર્યો.

પાછળથી મારી બેબી ચારેક વર્ષની થતાં ગુરુદેવના આદેશ પ્રમાણે જળ ચાલુ કર્યું ને બાબાનો જન્મ થયો.

આમ જીવનના માર્ગમાં આવતી આવી નાની મોટી અનેક મૂંઝવણો, ગૂંચવણો પ્રત્યે વ્યક્તિ ગુરુદેવની સમ્મતિ-અસમ્મતિ લેવા પ્રેરાય છે ને તેના આધારે જ જીવનમાર્ગમાં આગળ ડગ માંડે છે તે સફળતાને પામે છે. વ્યક્તિ શાસ્ત્રીજીના સાન્નિધ્યમાં આવીને સફળતા પામે છે ને સફળતાને વરેલો માનવી તેમના વધુ ને વધુ ગાઢ સમ્પર્કમાં રહેવાનો પ્રયત્ન કરે છે.

□

---

"મારાં પ્રયત્નો ચાલુ જ છે. આવી જશે. તમે બીજા કોઈ પણ પ્રયત્નો કરતા નહિ."



Scanned by CamScanner

# એ શક્તિ કઈ ?

આધુનિક વિજ્ઞાનનાં સંશોધનોને પરિણામે તેની અદ્યતન દવાઓ, સારવાર, ઈન્જેક્શનો વગેરેથી શારીરિક બિમારીમાં ધારવા કરતાં જલ્દી સુધારો થતો જોવા મળે છે. તો વળી અદ્યતન દવાઓ–ઈંજેક્શનોની ઘણી આડ અસર પણ થાય છે, જેનાથી એક બિમારી દૂર કરતાં બીજી આવી ઊભી રહે છે.

વળી તદ્દન નજીવા દર્દમાં કે સામાન્ય તાવમાં તબીબ પાસે જતાં તેઓ જે દવા–ઈંજેક્શનો આપે તે લેવાં પડે તે સ્વાભાવિક છે પરન્તુ દવા–ઈંજેક્શનોની તીવ્ર માત્રાને કારણે કે પછી સામાન્ય તાવમાં અમુક જાતની દવા અમુક દર્દીને કે બાળકને આપી શકાય કે કેમ તેનો કોઈક સંજોગોમાં ખાસ ખ્યાલ ન આવતા કે પ્રમાણભાન વિસરી જતાં કે પછી તબીબની કોઈક બેદરકારી–બેકાળજીના પરિણામે એવા સામાન્ય તાવમાં દવા–ઈંજેક્શન અપાતાં દર્દી અચાનક લકવાગ્રસ્ત જેવી દશામાં મુકાઈ જાય છે.

આવી આકસ્મિક સર્જાતી પરિસ્થિતિથી બાળકના માતાપિતા, દર્દીનાં સર્વ સ્નેહીજનો સ્વાભાવિક રીતે જ મુંઝવણમાં મુકાઈ જાય છે. તબીબી ઉપચારો તો ચાલુ જ હોય છે, પરન્તુ કયારેક તો અચાનક ડૉકટરનું વલણ ને અભિપ્રાય પણ બદલા ઈજાય છે ને સર્જાયેલી પરિસ્થિતિમાંથી – નવા જન્મેલા દર્દમાંથી મુક્તિ મેળવવા દિવસો–મહિનાઓ તો ઠીક વર્ષોની અવધિ આપી દે છે.

સામાન્ય દર્દમાંથી સર્જાયેલી વિષમ પરિસ્થિતિને–દર્દીની બિમારીને કયા સ્વજન સહી શકે ? સહન કરવાની ક્ષમતા પણ કેટલી ? લાંબા સમય સુધી વર્ષોપર્યન્ત સારવાર ચાલુ રાખવાનું કોને પોષાય ?

આવા સમયમાં જ મનુષ્યને ઈશ્વરની યાદ આવે છે. તેની શરણાગતિ સ્વીકારવા તત્પર બને છે, તો કોઈક સન્તનું માર્ગદર્શન લેવા તત્પર બને છે.

આખરે એ શ્રદ્ધા અને શરણાગતિનો પ્રશ્ન બની જાય છે.

મનુષ્ય બધી બાજુથી થાકી–હારીને નિરાશ થઈ જાય છે. તેના તમામ પ્રયાસો વ્યર્થ ને નિષ્ફળ જાય છે. કોઈ જ ઉપાય કે ઉકેલ સૂઝતો નથી ત્યારે છેલ્લે આવો એક આખરી પ્રયત્ન અજમાવવા તત્પર બને છે. અને એમાંથી જે સફળતા મળે છે તે સફળતા તેનામાં નવી જ શ્રદ્ધા, આશા ને શક્તિનો સંચાર થાય છે.

નજીવી બાબતમાંથી ઊપજેલી સઘન પ્રતિકૂળતાઓ–વિષમતાઓ–વિસંવાદિતાઓ એવી જ નજીવી કહેવાતી બાબતથી, તદ્દન હળવાશથી જાણે આપોઆપ પળભરમાં જ દૂર થઈ જાય છે ને સંતપ્ત

"ઈશ્વરથી અતિરિક્ત આ જગતમાં બીજું કંઈ જ નથી."



Scanned by CamScanner

માનવીને શાંત ને સ્વસ્થ બનાવી દે છે. એ શાંતિ ને સ્વસ્થતામાંથી એક નવી જ શ્રદ્ધા ને શરણાગતિ કંડારાય છે.

સન્તોએ નિજી ધૈર્ય ને નિશ્ચયબળથી જે પ્રચંડ આત્મશક્તિનો આવિષ્કાર સાધ્યો હોય છે, જેના પરિણામે તેઓનું સમસ્ત અસ્તિત્વ એમાં જ ઝબોળાતું રહે છે. જેથી તેમના શબ્દો, તેમનો સ્પર્શ ને તેમનું માર્ગદર્શન ધાર્યાં પરિણામે મેળવવા સમર્થ નીવડે છે.

એક ભાઈએ પોતાનો અનુભવ વર્ણવતાં જણાવ્યું હતું કે, મારો બાબો ચોગી પાંચ માસનો હતો ત્યારે એક દિવસ તેને અચાનક તાવ આવ્યો. ડૉક્ટરને ત્યાં લઈ ગયા. ડૉક્ટરે ઈન્જેક્શન મૂક્યું અને સાંજે અચાનક તે પગ હલાવતો બંધ થઈ ગયો. એક જાણીતા બાળચિકિત્સકે તપાસીને કહ્યું કે પોલિયો છે. ઉપચાર માટે દોડાદોડી ચાલુ થઈ. તમામ નિષ્ણાતો પાસે જઈ આવ્યો. ગાયત્રી માતા પર અનન્ય શ્રદ્ધા હોવાથી મને બાહ્ય ઉપચારોમાં શ્રદ્ધા નહિ, પણ પત્નીના સંતોષ ખાતર જ ઠેર ઠેર દોડતો હતો.

એવામાં શાસ્ત્રીજી સાથે પરિચય ધરાવતા એક મુરબ્બી અમને શાસ્ત્રીજી પાસે લઈ ગયા. તેમણે અમને સ્મિતભર્યો આવકાર આપ્યો. રોગ અંગે થોડી માહિતી પૂછી. બાબાને મારા ખોળામાં બેસાડયો. બે મિનિટ પ્રાર્થના કરીને હાથ દ્વારા આધ્યાત્મિક શક્તિનાં તરંગો બાબાના પગ તરફ વહેતા મૂક્યા હોય તેવું કંઈક તેમણે કર્યું. જીવન જળ આપ્યું અને સાથે સૂચના આપી કે થોડા દિવસ આવવું પડશે. બીજા દિવસે ગયા ત્યારે બાબો રડયો તેથી તેમણે રોજ આવવાની ના પાડી અને આપેલું જળ ખલાસ થાય ત્યારે આવવા જણાવ્યું.

બીજી સૂચના અશ્વગન્ધા દૂધમાં ઉકાળીને આપવા કહી. અશ્વગન્ધા બાબાએ ન પીધું તેથી તેમની સૂચનાથી મધમાં ચટાડવાનું રાખ્યું. સાત દિવસમાં જળ ખલાસ થઈ ગયું ને બાબો દસ–બાર ડગલાં કોઈના પણ ટેકા વગર ચાલ્યો.

બીજી વાર જળ લઈ આવ્યો તે પૂરું થતાં થતાં તો વીસ–પચ્ચીસ ડગલાં ભરવા લાગ્યો.

ત્રીજી વારનું જળ ખલાસ થતાં તે ખૂબ સારી રીતે હરતો–ફરતો થઈ ગયો.

આધુનિક વિજ્ઞાનના આ જમાનામાં ૧૨ થી ૧૭ વર્ષ ધીરજ રાખવાનું કહેનાર તબીબી વિજ્ઞાન ચડે કે પંદર દિવસમાં ગાયત્રી અભિમંત્રિત જીવન જળ પીવડાવી તે દ્વારા મન્ત્રશક્તિને બાળકના શરીરમાં સંક્રાન્ત કરનાર આ ભગવતીની શક્તિ ચડે ?

આધુનિક વિજ્ઞાનની ક્ષિતિજો વિસ્તૃત જરૂર છે તેમ છતાં તેની એક મર્યાદા જરૂર છે. ઈશ્વર-શક્તિથી અતિરિક્ત આ જગતમાં બીજું કંઈ જ નથી.

□



Scanned by CamScanner

# સમાચાર

* તા. ૭-૧૧-'૯૧ ને ગુરુવારે બેસતું વર્ષ છે. પૂજ્ય ગુરુદેવ 'શ્રદ્ધા'ની કુટિરમાં સવારે ૯-૦૦ થી ૧-૦૦ વાગ્યા સુધી દર્શનનો લાભ આપશે.

* તા. ૧૧-૧૧-'૯૧ થી તા. ૧૨-૧૧-'૯૧ ને સોમ-મંગળવાર સૂરતનો કાર્યયજ્ઞ છે :

  **સમય** : બપોરે ૧૨-૦૦ થી ૪-૦૦ વાગ્યા સુધી.

  **સ્થળ** : એ/૬, ત્રિકમનગર સોસાયટી, દર્પણ ટોકીઝ સામે, લંબે હનુમાન રોડ, વરાછા રોડ, સૂરત.

* (અ) તા. ૧૪-૧૧-'૯૧ ગુરુવારે મુંબઈનો કાર્યયજ્ઞ :

  **સમય** : બપોરે ૧૨-૦૦ થી ૪-૦૦

  **સ્થળ** : શ્રી હનુમાન મંદિર હૉલ, રામમંદિર રોડ, બાભાઈ નાકા, બોરીવલી (પશ્ચિમ), મુંબઈ ૪૦૦ ૦૯૨.

  (બ) તા. ૧૬-૧૧-'૯૧ થી તા. ૧૭-૧૧-'૯૧ શનિ-રવિવાર

  **સમય** : બપોરે ૧૨-૦૦ થી ૪-૦૦ સુધી.

  **સ્થળ** : જોશી નારણદાસ લક્ષ્મીદાસની વાડી, ૭૯/૮૧ બોરા બજાર શેરી, પહેલો માળ, ફોર્ટ, મુંબઈ.

* તા. ૨૩-૧૨-'૯૧ થી તા. ૯-૧-'૯૨ ઇંગ્લેન્ડનો કાર્યયજ્ઞ છે.

  ટેલિફોન : પ્રદીપભાઈ વડેરા – ૦૫૩૩-૩૫૪-૬૧૧

* તા. ૨૧-૧૨-'૯૧ થી તા. ૧૪-૧-'૯૨ સુધી પૂજ્ય ગુરુદેવ 'નીલોષા' પર મળી શકશે નહિ.

  તા. ૧૫-૧-'૯૨ થી પૂ. શ્રી 'નીલોષા' પર રાબેતા મુજબ મળશે.

* ૧૯૯૨ના વર્ષ માટે 'આધ્યાત્મિક કેડી'નું લવાજમ રીન્યુ કરાવી લેશો.

□



Scanned by CamScanner

# પૂજ્ય ગુરુદેવની મુલાકાત

* આધિ, વ્યાધિ, ઉપાધિથી ત્રસ્ત કોઈ પણ વ્યક્તિ જ્ઞાતિ, જાતિ, સમ્પ્રદાય કે ધર્મનાં બન્ધનો સિવાય વિના મૂલ્યે પૂજ્ય ગુરુદેવની મુલાકાત લઈ માર્ગદર્શન મેળવી શકે છે. પ્રત્યક્ષ મુલાકાત શક્ય ન બને તો પણ પૂજ્ય ગુરુદેવના આદેશ અનુસાર ગાયત્રી મહામંત્રની ત્રણ માળાને જીવનના અનિવાર્ય દૈનિક કાર્યક્રમમાં વણી લેજો.

**મુલાકાત સ્થળ : ' નીલોષા ' બંગલો, ત્રિમૂર્તિ સોસાયટી,
ગવર્નમેન્ટ પાંચ બંગલા પાસે, ગુલમોર ફ્લેટ્સ પાછળ,
ગુલબાઈ ટેકરા, અમદાવાદ-૧૫.**

**સમય : બપોરના ૧૨-૦૦ થી ૨-૦૦ (૧૦૧ વ્યક્તિને મુલાકાત)**

**શનિ-રવિ તથા જાહેર રજાના દિવસે બંધ.**

* પૂજ્ય ગુરુદેવ આપના પત્રો વાંચે છે, પરન્તુ લેખિત જવાબ પાઠવતા નથી.

* શારીરિક-માનસિક રોગો માટે પૂ. ગુરુદેવ જીવનજળ આપે છે. સ્વચ્છ જળ લેવા ઇચ્છનારે ખાલી બાટલી સાથે લાવવી, જેથી અભિમંત્રિત જીવનજળ આપી શકાય.

Scanned by CamScanner